ॐ नमो भगवते प्रजापतये ।

ગુજરાત પ્રાંતિક પ્રજાપતિ સભા

ડાકોરના [illegible] સંમેલનનું કાર્યવર્ણન

उत्तिष्ठत जाग्रत प्राप्य वरान्निबोधत ।

શું હતા ? શું થઈ ગયા શું ! ને થવાના શું વળી ?
બહુ સહ્યું, આવો વિચારો. બંધુઓ ! હેતે મળી.

આજની સ્થિતિમાં પણ કુટુંબોનાં ચારિત્ર્ય રક્ષવાની જવાબદારી, કુટુંબનો મોભો સાચવવાની તેજારી, અને કરકસરથી જીવન શોભાવવાની કુનેહ સ્ત્રીઓની જ હોય છે. છોકરાછોકરીઓને અનુકૂળ વહુવર શોધી કાઢવાની જવાબદારી પણ ઘણે ભાગે એમની જ હોય છે. ગૃહજીવનનો, કૌટુંબિક જીવનનો અને તેથી જ્ઞાતિજીવનનો મોટો ભાર સ્ત્રીઓ પર જ હોય છે. તેઓ જે પરિષદમાં ભાગ ન લઈ શકે તેવી પરિષદ શા કામની ? **કાકા કાલેલકર**

ગુજરાત પ્રાંતિક પ્રજાપતિ સભા તરફથી

તૈયાર કરી પ્રગટ કર્તા

મંત્રી: જીવન ગ. પ્રજાપતિ

લુણસાવાડા, **અમદાવાદ**

પ્રત ૧૦૦] મૂલ્ય: બે આના [સંવત ૧૯૮૩

સભાસદોને મફત. જ્ઞાતિમાં પ્રચારને અર્થે વહેંચવા ઇચ્છતા સજ્જનોને રૂ. ૧૦) માં ૧૦૦ નકલ આપવામાં આવશે. લખો:

ગુજરાત પ્રાંતિક પ્રજાપતિ સભા

કાર્યાલય, પાંચકૂવા—**અમદાવાદ**

ગુજરાત પ્રાંતિક પ્રજાપતિ સભા

કાર્યવાહક મંડળ

'સભા'ના ત્રીજા વર્ષ માટે નીચેના અધિકારીઓ અને કાર્યવાહકો ચૂંટાયા છે

પ્રમુખ : ૧. રણછોડભાઈ સાજન નારીંગરી (ડુંગર, કાઠિયાવાડ)

ઉપપ્રમુખ : ૨. કરસનદાસ નારણદાસ મિસ્ત્રી (સગરામપુરા, પાંજરાશેરી, સુરત)

મગનલાલ મોતીલાલ (નડીયાદ) ૧૬. મોતીરામ લાલજીભાઈ (બાર ઓરડા, ડાકોર) ૧૭. મોહનલાલ મોતીલાલ દલવાડી (પાંચકુવા, અમદાવાદ) ૧૮. જીવાભાઈ હરિભાઈ માસ્તર (મામુનાયકની પોળ, અમદાવાદ) ૧૯. રણછોડભાઈ મુળચંદ ભગત (મોતીશા દરવાજા, પાટણ) ૨૦. પરસોતમ મથુરદાસ (સહેરા ભાગોળ, કાજી ફળીયું, ગોધરા) ૨૧. લાલભાઈ ગોકળભાઈ (કાળી તલાવડી, પો. ખંભાત)

આ મંડળના ૯ સભ્યોની હાજરીએ 'સભા'એ તેનું કોરમ ગણવા ઠરાવ્યું છે.

—મંત્રી

નિવેદન

ગુજરાત પ્રાંતિક પ્રજાપતિ સભાનું ત્રીજું વાર્ષિક સંમેલન તીર્થક્ષેત્ર ડાકોરમાં ગયા વૈશાખ સુદ ૧૩, ૧૪ ના દિવસોમાં ભરાયું. 'સભા'-ના જીવનની ઝાંખી આવનાર ભાઈબહેનોને થઈ. બોટાદનું સંમેલન મોકુફ રહેતાં કાર્યમાં આવેલી શિથિલતા અને પરિણામે જણાતા શાંત વાતાવરણમાં ખરેખર આ સંમેલને જાગૃતિનું મોજું ફેંક્યું છે. અત્યાર પહેલાના કાર્યનું સરવૈયું કાઢી જોતાં અને બાંધેલા મનોરથો પ્રત્યે દૃષ્ટિપાત કરતાં અસંતોષની લાગણી અનુભવાઈ અને કાર્યપરાયણતા સાધવાની ગંભીરતા જણાઈ! લાંબાં ભાષણો અને નિરર્થક ચર્ચાઓને સ્થાને સીધી ને સાદી વાતો ડાકોર સંમેલનમાં થઈ. નવા ઠરાવો કરવાના મોહ નહિ. થએલાના અમલની દિશામાં જ વ્યવસ્થિત કાર્ય થાય તે માટે સંમેલને વિચાર ઠરાવ કર્યાં છે. સંમેલનમાં શું થયું તે સર્વ આ પુસ્તકના લેખોમાંથી સૌ કોઈને જણાશે. ગુજરાતના પ્રજાપતિ બંધુઓ સંમેલનનો સંદેશ ઝીલશે કે? જ્ઞાતિના જાગૃત થએલા આત્માના પોકાર પર ધ્યાન આપશે કે? દુઃખોના નિવારણ માટે 'કામ કરો' અને નવીન જીવન પ્રાપ્ત કરો એ જ સંમેલનનો ધ્વનિ છે. સંમેલને જાતીય જીવનની ઝલકનું દર્શન દીધું. અચેત પડેલાઓને સચેત કર્યાં. નિરુત્સાહતાએ ઘેરી લીધેલાઓને નવીન ઉત્સાહનાં અમૃત પાયાં. આળસના ભોગ થએલાઓને કર્મબળનાં ઓજસ અર્પ્યાં. નિરાશાએ પર-વશ કરેલાઓને 'કંઈ લાખો નિરાશામાં અમર આશા છુપાઈ છે' એ સત્યની પિછાણ કરાવી. સંમેલન–સુજનોનું મિલન જાણે યજ્ઞવેદિ ન હોય અને એ વેદિ પર સૌએ જાણે મનોમન કર્તવ્યપરાયણતાનાં વ્રત લીધાં. બંધુઓ! અંતરાત્માની સાક્ષીએ લીધેલાં એ વ્રત આપણે પાળીએ. યથા-શક્તિ સેવાકાર્ય કરી છૂટીએ. જીવનની ઝલકને સદાય ટકાવી રાખીએ. ધીમે ધીમે પણ સ્વીકારેલા ધ્યેયને પંથે પ્રયાણ જારી રાખીએ એમાં જ સંમેલનનું સાર્થક છે, 'સભા'નું શ્રેય છે, આપણી ઉન્નતિ છે. કોમનું કલ્યાણ છે. આશા છે કે આપણી જ ઉન્નતિને માટે બનતું કરવાને સદાય તત્પર રહી આપણે આપણો ધર્મ બજાવીશું.

લુણસાવાડા,
અમદાવાદ

જીવન ગ. પ્રજાપતિ
મંત્રી : ગુજરાત પ્રાંતિક પ્રજાપતિ સભા

卐

સ્વાગત ગીત*

(રાગ જેજેવંતી)

અમ ઉર ઉમળકે સ્વાગત કરીએ, સાધન સર્વે સાદાં છે.
નથી ઝગઝગના મંદિર મહેલો, શાન્ત કુટીરો[1] નવલાં છે.—અમ૦ ૧

જ્ઞાનવારિના ઝરણાં વહેતાં;
સ્નેહસમીરે લહેરો લેતાં;
આર્જવ વૃક્ષો છાંયડી દેતાં;

ધર્મનીતિના આસને બેસો, સૂક્તિ[2] ફુલડાં ધવલાં છે.—અમ૦ ૨

ભારતી ભવને ભલે પધારો;
સાધનની ઊણપ નવ ધારો;
ભાવ ભાવના સ્નેહે સ્વીકારો;

આપ શારદાસદને આવ્યા, અમ આંગણીઆં ઉજળાં છે—અમ૦ ૩

પુણ્યપુંજનો ઉદય જ થાયે;
સ્નેહીમિલનથી ઉર ઉભરાયે;
આનંદ અમૃત વર્ષણ થાયે;

માતૃમંદિરે મનડાં સહુનાં, ભાવ ભક્તિથી ભરીયાં છે.—અમ૦ ૪

રાગદ્વેષનો રંજ નથી જરી;
વિષમ વિષમતા દૂર કરી ખરી;
ઐક્ય ભાવથી મનડું ભરી કરી;

આવો બંધુઓ હેતથી મળીએ, તન મન સહુનાં સરલાં છે.—અમ૦ ૫

વે૦ શા૦ સં૦ શાસ્ત્રી મોતીરામ કલ્યાણજી દીક્ષિત
મુખ્ય અધ્યાપક—શ્રી મંમાદેવી સંસ્કૃત પાઠશાળા, મુંબઇ

---

*ડાકોર સંમેલન પ્રસંગે ગવાએલું. ૧. ઝુંપડાં ૨. સુવચનરૂપી ફૂલ.—મંત્રી

ગુજરાત પ્રાંતિક પ્રજાપતિ સભા

ત્રીજું સંમેલન

કોઈ પણ દેશ યા કોમની ઉન્નતિ માટે સંગઠન એ એક જરૂરી વસ્તુ છે. લોકોમાં સંગઠનની ભાવના જાગૃત કરવા જૂદી જૂદી રીતો યોજવામાં આવે છે. દેશની મહાસભા, કોમોની પરિષદો, મેળાવડા વગેરે એ હેતુથી જ ભરવામાં આવે છે. ગુજરાતના પ્રજાપતિ બાહ્યોનું સંગઠન કરવા, તેમને તેમના હિત વિષે હંમેશાં જાગૃત રાખવા ને કોમમાં પ્રાણ રેડવા આપણી સભા તરફથી દર વર્ષે સંમેલન ભરવાની વ્યવસ્થા કરવામાં આવે છે. તે મુજબ 'સભાનું ત્રીજું સંમેલન ડાકોરના તીર્થક્ષેત્રમાં વૈશાખ સુદ ૧૩, ૧૪ ને રોજ થયું અને શ્રીરણછોડરાયની કૃપાથી નિર્વિઘ્ને પાર પડ્યું.

વ્યવસ્થા

સભાનું સ્થળ ગોમતીજી વચ્ચે આવેલી મનોહર કુંભારવાડીમાં રાખવામાં આવ્યું હતું. સ્થળને આસોપાલવથી શણગારવામાં આવ્યું હતું. બેઠકની જગ્યાએ ચારે બાજુ સુવચનોનાં બોર્ડ ટાંગી વાતાવરણ ભાવનામય બનાવી દેવામાં આવ્યું હતું. આપણી કોમના ગૌરવરૂપ પૂજ્ય સંતવર સદ્ગત શ્રી બાપજી તથા સ્વ. બ્હેન નર્મદા અને વીરમતી જેવી કોમની રત્નરૂપ કન્યાઓના ફોટાઓ હર્ષ અને શોક ઉપજાવતા હતા. સ્વામી વિવેકાનંદ, મહાત્મા ગાંધીજી વગેરે મહાન પુરુષોના ફોટા તેમના આપભોગ ને ધર્મની સેવાની યાદ આપતા હતા. પ્રવેશદ્વાર ઉપર 'ગુજરાત પ્રાંતિક પ્રજાપતિ સભા: ત્રીજું વાર્ષિક સંમેલન' અને 'સ્વાગતમ્—ભલે પધાર્યા'ના પડદા સ્થળને શોભા આપી રહ્યા હતા. સભાની બેઠકના સ્થળની નજીક જ એક ખંડમાં કલા પ્રદર્શન ગોઠવવામાં આવ્યું હતું. આ વ્યવસ્થા કરવાને તથા ડાકોરના બાહ્યોને સંમેલનમાં પૂરતો ભાગ લેવા બેળવવાને મંત્રી, તંત્રી, વ્યવસ્થાપક, ધારમગામવાળા શ્રી. કરસનદાસ વગેરે બે દિવસ અગાઉ આવ્યા હતા. બારસની રાત્રે ત્યાંના બાહ્યોની સભા રાખી હતી. તેમાં 'સભા'. સંમેલનના હેતુઓ ચર્ચવામાં આવ્યા હતા. ૧૩ને દિવસે પ્રમુખ સાહેબ પધારવાના હતા. તેમને તથા બીજા મહેમાનોને લેવા ડાકોરના બાહ્યો સાથે સૌ સ્ટેશન પર હાજર થયા ને પ્રમુખ, સ્થાયી પ્રમુખ વગેરેને ફૂલહાર પહેરાવી તેમનું સ્વાગત કર્યું. પછી તેમને ગાડીમાં બેસાડી સરઘસના રૂપમાં

વાડીએ લઇ ગયા. સરઘસના મોખરે બે સ્વયંસેવકો 'ગુજરાત પ્રાંતિક પ્રજાપતિ સભા : ત્રીજું વાર્ષિક સંમેલન' એ પડદો લઇ ચાલતા હતા. સરઘસ બજારમાં થઇ વાડીએ પહોંચ્યું. અત્યાર સુધીના સંમેલનોમાં આ પ્રથમ જ સરઘસ હતું એ ખાસ નોંધવા જેવી વસ્તુ છે. વાડી વિશાળ ને પૂરતી સગવડવાળી હોવાથી ઉતારાની તથા જમણની વ્યવસ્થા ત્યાં જ કરવામાં આવી હતી. જમણની વ્યવસ્થાનું કાર્ય 'અમદાવાદ પ્રજાપતિ સભા'ના પ્રમુખ શ્રી૦ મગનભાઇ ભગવાનદાસ દલવાડીને સોંપવામાં આવ્યું હતું.

જ્ઞાતિભાઇઓનું આગમન

સંમેલનમાં ભાગ લેવા ગુજરાતના જૂદે જૂદે સ્થળેથી--અમદાવાદ, વિરમગામ, પાટણ, નડિયાદ, ખંભાત, વડોદરા, સંખેડા, ડભોઇ, નીકોલી, સુરત, લાખણપોર, આંટ, મુંબઇ, ગોધરા, ટીંબારોડ, પેટલાદ, ડુંગર વિગેરે ગામોના ભાઇબ્હેનો ડાકોરના તીર્થક્ષેત્રમાં આશરે ૨૦૦ની સંખ્યામાં આવી પહોંચ્યાં હતાં. વૈશાખ માસમાં સખ્ત લગ્નગાળો હોવાથી જ્ઞાતિભાઇઓ ધાર્યા પ્રમાણેની સંખ્યામાં આવ્યા નહોતા. કેટલાક ભાઇઓએ સંમેલનને સફળતા ઇચ્છતા સંદેશાઓ મોકલ્યા હતા. આ વખતે પહેલાના સંમેલન કરતાં ગામડાંની ભાવિક બ્હેનોએ વિશેષ પ્રમાણમાં હાજરી આપી હતી. ખેદની વાત તો એ હતી કે સ્ત્રીઓની ઉન્નતિ ઇચ્છના આપણા સમજુ કાર્યકર્તાઓ પોતાને ત્યાંથી સ્ત્રીવર્ગને લાવ્યા નહોતા. જ્ઞાતિની આ હિતકારક પ્રવૃત્તિથી બ્હેનો પણ જાણીતી થાય તે માટે તેમને આવા સંમેલનમાં—જ્ઞાતિગંગાની તીર્થયાત્રામાં સાથે લાવવા દરેક સમજુ પુરૂષે પહેલ કરવી જોઇએ. માટીકામ સિવાય અનેક જૂદા જૂદા ઉદ્યોગમાં પડેલા ભાઇઓ પધાર્યા હતા. આ માન્ય મહેમાનોમાં આફ્રિકાથી દેશમાં આવેલા 'પ્રિટોરીયા પ્રજાપતિ સભા'ના પ્રમુખ શ્રી. ભીખાભાઇ ઉ. માસ્તર પણ હતા. એટલે જ્ઞાતિની ઉન્નતિ ઇચ્છનાર અને તેને અર્થે પ્રયાસ કરનાર ઉત્સાહી ભાઇઓનું સુંદર મિલન ડાકોરમાં થયું. જ્ઞાતિમૈયાના જૂદે જૂદે સ્થળે વસી રહેલા પુત્રો જ્યારે વર્ષે દહાડે પોતાના ભાઇઓને મળે ત્યારે કેટલો આનંદ થાય ? એ વખતના પ્રેમ ને હર્ષનું કોણ માપ કાઢી શકે ? એવો લ્હાવો લેવાનું કોને મન ન થાય ? જીવનના એ ધન્ય પ્રસંગનો જેણે લ્હાવો લીધો તે તો પોતાને લાભ થયો એમ જ સમજવાનો. યાત્રા કરવાને ઉત્સુક ભાઇઓ ! વર્ષે દહાડે આવતા આ સંમેલનમાં આવી જ્ઞાતિયાત્રાનું પુણ્ય કમાતા જાઓ.

પહેલો દિવસ

શનિવારની ૧૧ વાગ્યાની ગાડીમાં ઘણાખરા ભાઇઓ આવી ગયા

હતા. એટલે જમ્યા બાદ બપોર પછી સભાનું કાર્ય સાડાત્રણ વાગ્યાના સુમારે શરૂ થયું. પહેલાં પ્રમુખ માટે શ્રી. રણછોડભાઇ સાજન નારીગરાની દરખાસ્ત મૂકાઇ. તે દરખાસ્તને અનુમોદન મળતાં તેમણે પ્રમુખસ્થાન લીધું ને કાર્યની શરૂઆત થઇ. વીરમગામનિવાસી વિદ્યાર્થીઓએ વાંસળીના સુંદર સુર સાથે ઇશ્વરપ્રાર્થના કરી. ત્યારબાદ 'સભા'ના મંત્રી શ્રી. જીવનલાલે જણાવ્યું કે આપણી કોમના પૂજ્ય સંતપુરૂષ સ્વ૦ 'બાપજી'ને સ્મરણાંજલિ આપ્યા બાદ આજના શુભ કાર્યની શરૂઆત થવી ઘટે. એ વિવેચનને અંતે પ્રમુખના હસ્તે શ્રી બાપજીની છબીને 'સદ્દગુરૂ દેવકી જય' સાથે ફુલહાર ચઢાવવામાં આવ્યા. ડાકોરના ભાઇઓ તરફથી શ્રી. મોતીલાલ લાલજી દલવાડી તથા શ્રી. ભીખાભાઇએ સર્વે ભાઇઓનું સ્વાગત કર્યું ને પોતાના સ્થળને આ રીતે લાભ આપવા માટે સર્વે ભાઇઓનો આભાર માન્યો. પછી શ્રીમતી બ્હેન જીવનદેવીએ મધુર કંઠે ભાવવાહી સ્વાગતગીત હારમોનીયમ સાથે ગાઇ સર્વેનું સ્વાગત કર્યું. ત્યારબાદ પ્રમુખશ્રીએ પોતાનું તૈયાર કરેલું ભાષણ વાંચ્યું, જે આ પુસ્તકમાં અન્યત્ર પ્રગટ થયું છે. ભાષણ પૂરૂં થયા બાદ બ્હેન જીવનદેવીએ 'અવતાર લઇ અવનિ વિષે કંઇ ગ્રાનિહિત ન આચરે' એ ગીત તથા બાળકોએ ઉપદેશગીત ગાયા. મંત્રીએ પછી 'સભા'ની પરિસ્થિતિ રજુ કરતું પોતાનું નિવેદન વાંચી સભાના કાર્યકર્તાઓને પોતે જવાબદારીપૂર્વક લીધેલા કાર્યને ઉત્સાહથી હાથ ધરવા જણાવ્યું. આ નિવેદન આખુંયે આ પુસ્તકમાં બીજે છાપ્યું છે. આ પછી 'અમ અંતરની યાચના સ્વીકારજો ભ્રાત !' એ સુંદર ગીત બ્હેન જીવનદેવીએ ગાઇ છવાએલી ગંભીરતામાં શાંત આનંદ આણ્યો. પ્રદર્શનવિભાગના મંત્રી શ્રી. મહાવજીભાઇએ ત્યારબાદ પોતાનું નિવેદન વાંચી કોમમાં હુન્નરઉદ્યોગ વધારવાનો ને આર્થિક સ્થિતિ સુધારવાનો ઉપદેશ આપ્યો. આ પછી પ્રદર્શન ખુલ્લુ મુકવાની ક્રિયા કરવા માટે આફ્રિકાથી સ્વદેશ પધારેલા 'પ્રીટોરીઆ પ્રજાપતિ સભા'ના પ્રમુખ આટનિવાસી શ્રી. ભીખાભાઇ ઉ. માસ્તરની દરખાસ્ત મૂકવામાં આવી. તેને ટેકો મળતાં તેમણે તેમને આપેલા માન માટે આભાર માની જણાવ્યું કે 'પ્રદર્શનમંત્રીએ પ્રદર્શનને લગતી હકીકત જણાવી મારૂં કામ હળવું કર્યું છે. કલા પ્રદર્શનનો હેતુ ઉદ્યોગને ઉત્તેજન આપી તેને વધારવાનો હોય છે. એટલે આવા પ્રસંગે બને તેટલા સારામાં સારા નમૂના વધુ પ્રમાણમાં જૂદાં જૂદાં સ્થળેથી આવવા જોઇએ. કલા પ્રદર્શનનો ખંડ સુંદર નમૂનાઓથી ભરચક થવો જોઇએ. સંમેલનમાં આવનાર ભાઇઓ પોતપોતાની કારીગરીના નમૂના લઇને આવે ને કલા-

પ્રદર્શન સફળ બને તેવા પ્રયત્નો થવા જોઇએ. બીજું મુખ્ય મંત્રીઓએ પોતાના નિવેદનમાં ' સભાને સહાય કરવા માટે આફ્રિકાના ભાઇઓને ધન્યવાદ આપ્યો છે તે સંબંધમાં નમ્રપણે જણાવીશ કે આફ્રિકાના ભાઇઓ સભાનો સંદેશ ઝીલી યથાશક્તિ આ પ્રવૃત્તિમાં ભાગ લઇ રહ્યા છે તેમાં તેઓ પોતાની ફરજ ઉપરાંત કંઇ વધુ કરતા નથી. ત્યાંના ભાઇઓ 'સભા'ના અંગેની એક ' પ્રીટોરીયા પ્રજાપતિ સભા ' સ્થાપી સભાના ઉદ્દેશ સમજાવવાનું, સભાસદ ને ગ્રાહક વધારવાનું ને સભાનું ભંડોળ વધારવાનો પ્રયત્ન કરી રહ્યા છે. અહીંના ઉત્સાહને લઇને ત્યાં કાર્ય થઇ રહ્યું છે. ખરી રીતે તો અહીંના ભાઇઓ જેટલો ભાગ લઇ શકે તેટલો અમે ન લઇ શકીએ. અહીંની પ્રવૃત્તિના પડઘા ને સમાચારથી અમને પ્રેરણા મળે છે એટલે આપ ભાઇઓ વધુ ઉમંગથી કાર્ય કરો એવું અમે ઇચ્છીએ.' આ ગંભીર વિવેચન થયા બાદ સર્વે કલા પ્રદર્શનના ખંડ તરફ વળ્યા ને શ્રી. ભીખાભાઇના શુભ હસ્તે પ્રદર્શન ખુલ્લું મૂકવાની ક્રિયા થઇ, સર્વેએ રસપૂર્વક બધા નમૂનાઓ જોયા અને તે દિવસનું કાર્ય પુરું થયું.

તે જ દિવસે રાત્રે ૧૦ વાગે 'વિષય વિચારિણી સમિતિ'ની બેઠક થઇ. જૂદાં જૂદાં ગામોથી આવેલા ભાઇઓએ તેમાં રસપૂર્વક ભાગ લીધો હતો. રાતના એક વાગ્યા સુધી કાર્ય ચાલ્યું હતું. તેમાં સામાન્ય સભામાં રજૂ કરવા માટે નવ દશ ઠરાવો ઉપર વિચાર કરવામાં આવ્યો.

બીજો દિવસ

બીજે દિવસે સવારમાં ૧૦ વાગે સભા થઇ. તેમાં રાતની વિષય વિચારિણી સમિતિએ વિચારી નક્કી કરેલા ઠરાવો રજુ કરવામાં આવ્યા. એક પછી એક દરેક ઠરાવની પૂરી સમજૂતી થયા બાદ સર્વે ભાઇઓની સંમતિથી ઠરાવો પસાર થયા. પ્રદર્શનમાં આવેલા નમૂનાઓની પરીક્ષા માટે એક સમિતિ નીમવામાં આવી. ત્યારબાદ ભોજનનો સમય થતાં આશરે ૧ વાગે કાર્ય મોકુફ રહ્યું. પસાર થએલા ઠરાવો બીજે સ્થળે આપ્યા છે.

ફરી સભા ચાર વાગે મળી. રિવાજ મુજબ ઇશ્વરપ્રાર્થના થયા બાદ વીરમગામવાળા શ્રી. કરસનદાસ માસ્તરે તૈયાર કરાવેલો 'જમણ કે ઝેર ?' નામક રમુજી અને બોધદાયક સંવાદ વીરમગામથી આવેલા બાળકોએ સુંદર રીતે ભજવ્યો ને નાતજમણથી થતી હાનિનો ચિતાર આબેહુબ રજુ કર્યો. સાંભળનારા આ સંવાદમાંથી કંઇ બોધ લઇ પોતાને ત્યાં ગરીબી આણનાર આવાં ખર્ચાળ જમણો કમી કરવા પ્રયત્ન કરે તો જ સાંભળેલું સાર્થક ગણાય. ત્યારબાદ પ્રદર્શન પરીક્ષક સમિતિએ પોતાના કાર્યનું પરિણામ

રજૂ કર્યું. શ્રી. મહાવજીભાઈએ પરિણામ જાહેર કરતાં જેમના નમૂના ઉત્તમ, સરસ ને સારા ઠર્યા હતા તેમનાં નામ, ગામ તથા તે નમૂનાઓના ગુણ, ઉપયોગિતા વગેરે વર્ણવ્યાં. આ કાર્ય પુરૂં થયા બાદ નવા વર્ષને માટે 'સભા'ના પ્રમુખ, મંત્રી વગેરે સ્થાયી અધિકારીઓની તથા 'કાર્યવાહક મંડળ'ના સભ્યોની ચૂંટણી કરવાનું કાર્ય થયું. સમગ્ર સભાના સભાસદોના વધુ મતે આ ચૂંટણીઓ થઈ. જૂદા જૂદા ગામના ૨૨ સભાસદોનું કાર્યવાહક મંડળ ચૂંટાયું. આ બધાનાં નામો આ પુસ્તકમાં બીજે આપ્યાં છે. મંત્રીએ આ પછી જણાવ્યું કે 'હોદ્દેદાર ભાઈઓ તથા કાર્યવાહક મંડળના ભાઈઓ જવાબદારીપૂર્વક પોતાનું કાર્ય કરે એવી મારી વિનંતી છે. કારણ કે કંઈ પણ કામ હાથ ધરી પછી તેને રખડાવવું એ ઠીક ન ગણાય.'

ચૂંટણી પૂરી થયા બાદ બ્હેન જીવનદેવીએ એક ગીત ગાઈ સર્વ ભાઈઓનાં મન એક સુંદર મનનીય ભાષણ સાંભળવાને તાજાં ને પ્રફુલ્લિત કર્યાં. આ ભાષણ સંમેલનના પરનાતિના માન્ય મહેમાન વીરમગામ-નિવાસી વકીલ શ્રી. કેશવલાલભાઈનું હતું. તેમનું ભાષણ લાંબું, પણ ઉપયોગી, સચોટ ને વિચારવા જોગ હતું. અને તેથી જ અમે તેમના સઘળા મુદ્દા સારરૂપે બીજે સ્થળે આપ્યા છે. નડીઆદના જાણીતા હાસ્ય-કવિ શ્રી. રાવ કવિએ આપણા સંમેલનમાં હાજરી આપી હતી. તેમણે આ પ્રસંગે પોતાની રમુજી કવિતાઓ ગાઈ સભાજનોનાં મન રંજન કર્યાં હતાં. આ પછી 'સભા'ના સભાસદ ને 'પ્રજાપતિ'ના ગ્રાહક થવા જ્ઞાતિબંધુઓને વિનંતિ કરવામાં આવી. પરિણામે કેટલાક ભાઈઓ 'સભા'ના સભાસદ ને 'પ્રજાપતિ' પત્રના ગ્રાહક બન્યા. દરમિયાન સંમેલનના ભોજનખર્ચનો સવાલ રજૂ થયો. એ સંબંધમાં કંઈ પણ નક્કી કરવામાં આવે તે પહેલાં સર્વશક્તિમાન પ્રભુની કૃપા 'સભા' પર વર્ષી અને 'સુરત પ્રજાપતિ સભા'ના પ્રમુખ ઉદારચરિત શ્રી. ભીખાભાઈ હરજીવનદાસ ગજ્જર તરફથી શ્રી. ડાહ્યાભાઈ કલ્યાણદાસે જણાવ્યું કે 'શ્રી. ભીખાભાઈ એ ખર્ચ જોડી વાળે છે.' ખરેખર પુણ્યશાળી આત્માઓ સત્કર્મ કરવાની વાટ જોઈને નથી બેસતા અને તક મળતાં તેને પ્રથમ જ ઝડપી લે છે એનો દાખલો બંધુ ભીખાભાઈ પૂરો પાડે છે. 'સભા'એ શ્રી. ભીખાભાઈનો અંતઃકરણપૂર્વક આભાર માની તેમને દિલની દિલાવરી માટે ધન્યવાદ આપ્યો. સભાનું કાર્ય હવે પુરૂં થએલું હોવાથી પ્રમુખે ઉપસંહારનું વિવેચન કર્યું. ત્યારબાદ પ્રમુખ, ઉપપ્રમુખ, માજી પ્રમુખ, વકીલ શ્રી. કેશવલાલભાઈ તથા વાડીના મહારાજશ્રીને ફૂલહાર અર્પણ કરવામાં આવ્યા. પ્રમુખ વગેરેના આભાર

માનવામાં આવ્યા. મહારાજશ્રીનો વાડી સંમેલન માટે આપવા માટે આભાર માનવામાં આવ્યો. કાર્યની સમાપ્તિ થઇ. બ્હેન જીવનદેવીએ 'ઉપકાર થયો અતિ આજે' એ વિર્સજનનું અતિ સુંદર ને ભાવવાહી ગીત મધુર કંઠે ગાયું અને એના શબ્દ અને અનુપમ ભાવ સભાજનોનાં હૃદય પર અમર છાપ પાડતા ગૂંજી રહ્યા. સંમેલનનું વિર્સજન થયું

પાંચકુવા,
અમદાવાદ

મોહનલાલ મોતીલાલ હલવાડી
તંત્રી : "પ્રજાપતિ"

સંમેલનમાં પસાર થએલા ઠરાવો

૧. વેરના જુલમો સંબંધી જ્ઞાતિભાઇઓને યોગ્ય પગલાં લઇ મદદ કરવાનું આ સભા ઠરાવે છે અને તેને માટે નીચેના સભ્યોની સમિતિ નીમે છે: (૧) શ્રી. કરસનદાસ નારણદાસ મિસ્ત્રી (સુરત) (૨) શ્રી. મગનલાલ સોમભાઇ પ્રજાપતિ (વાંઠવાળી).

૨. આ સંમેલન રોજીદના સંમેલનમાં થએલા 'પ્રજાપતિ વિદ્યાર્થી-ભવન' સ્થાપવાના ઠરાવને મંજૂર રાખે છે અને તેની રૂપરેખા, યોજના વગેરે તૈયાર કરવાના તથા તેને અંગેની સર્વ પ્રવૃત્તિ માટે નીચેના સભ્યોની સમિતિ નીમે છે: (૧) શ્રી. મૂળજીભાઇ દેવજીભાઇ સ્વામી (૨) શ્રી. રણછોડ-ભાઇ સાજન નારીગરા (ડુંગર).

૩. આ 'સભા'ના પ્રથમ ઉદ્દેશમાં 'બંધારણ રચવું' એ શબ્દો રદ કરી તેને બદલે 'આચરણ કરવું' એ શબ્દો હવે પછી વાંચવા આ સંમે-લન ઠરાવે છે.

૪. આ 'સભા'ના પ્રથમ ઉદ્દેશનું વધુ પાલન થાય તેવા પ્રયાસ કરવા દરેક સભ્યને આ સંમેલન વિનવે છે.

૫. કોમનું સંપૂર્ણ વસ્તીપત્રક તૈયાર કરવાના અગાઉના સંમેલનના ઠરાવને આ સભા મંજૂર રાખે છે અને ગોળવાર જીલ્લાઓની સંપૂર્ણ માહિતીઓ તૈયાર કરી મોકલવા કાર્યકર્તાઓને આગ્રહપૂર્વક વિનવે છે અને અમુક પ્રમાણમાં તે એકત્ર થયે પુસ્તકરૂપે પ્રગટ કરવાનું ઠરાવે છે.

૬. કોમના ગત અને જીવંત પ્રસિદ્ધ પુરુષોનાં જીવનચરિત્રો તૈયાર કરવાનું આ સભા ઠરાવે છે અને તેના સંપાદનનું કાર્ય શ્રી. માવજીભાઇ સાજન નારીગરાને સોંપે છે.

૭. (अ) આ 'સભા' કોમના ગૌરવરૂપ ઓધરાનિવાસી સંતવર શ્રી પુરુષોત્તમદાસજી (બાપજી)ના તથા રાજકોટનિવાસી દેશી વાયુશાસ્ત્રી શ્રી. દેવજીભાઇ ઉકાભાઈ મકવાણાના પરલોકગમન પર ઊંડો ખેદ પ્રદર્શિત કરે છે અને તેમના આત્માઓને પરમ શાંતિ ઇચ્છે છે અને તેમના સંબંધીઓના દુ:ખમાં સહાનુભૂતિ ધરાવે છે.

(ब) આ ઠરાવ તેમના સંબંધીઓ પર મોકલી આપવાની પ્રમુખને સત્તા આપવામાં આવે છે.

૮. 'સભા'નું વાર્ષિક સંમેલન યથાસમયે ભરવાની તજવીજ કરવા માટે નીચેના સભ્યોની એક સમિતિ નીમવામા આવે છે. (૧) શ્રી. જીવન ગ. પ્રજાપતિ (અમદાવાદ) (૨) શ્રી. કરસનદાસ પીતાંબરદાસ મોરવાડીઆ (વિરમગામ) (૩) શ્રી. માવજીભાઇ સાજન નારીગરા (પેટલાદ).

૯. 'સભા'નો નિયમ નં. ૧૯ રદ કરી નીચે પ્રમાણે મૂકવામાં આવે છે: (अ) 'સભા'નાં સાધારણ કાર્યો માટે (કાર્ડ, ટીકીટ, જાહેરખબરો પત્રિકાઓ વગેરે આવા પ્રકારના ખર્ચ કરવાના દરેક કામે) રૂા. ૨૫) સુધીનો વ્યય મુખ્ય મંત્રી કરી શકશે.

(ब) ઉપરાંતની રકમને માટે પ્રમુખની મંજૂરી લઇ કરી શકશે. પ્રમુખ રૂા. ૫૦) સુધીના ખર્ચની મંજૂરી દરેક કામે આપી શકશે.

(क) આ કરતાં વધારે ખર્ચ કરવાની જરૂર પડતાં તાત્કાળિક પ્રમુખની સંમતિ મેળવી ખર્ચ કરવાની તજવીજ કરવી અને આ કામ કાર્યવાહક મંડળ મળ્યે તેમા મૂકી મંજૂર કરાવી લેવું.

૧૦. કાર્યવાહક મંડળની બેઠકમાં વખતસર હાજરી આપનાર સભ્યોને અર્ધું રેલ્વેભાડું આપવાનું આ સંમેલન ઠરાવે છે.

૧૧. સુરતનિવાસી શ્રી૦ બાખાભાઇ હરજીવનદાસ ગજ્જરે આ સંમેલનને અંગે થએલું ભોજનખર્ચ પોતે ઉદારતાપૂર્વક જોડી વાળી 'સભા'ના કાર્યને સરળ બનાવ્યું છે અને જે અપ્રતિમ જ્ઞાતિપ્રેમ બતાવ્યો છે તે માટે આ સભા તેમને અંત:કરણપૂર્વક ધન્યવાદ આપે છે.

જીવન ગ. પ્રજાપતિ

મંત્રી: ગુજરાત પ્રાંતિક પ્રજાપતિ સભા

સંમેલન પ્રસંગે મંત્રીનું નિવેદન

'સભાનું સરવૈયું'

શ્રીમાન પ્રમુખ મહાશય, સજ્જનો ને સન્નારીઓ!

આજે એ મંગળ પ્રસંગ છે કે જ્યારે આપણે આપણી હિતકારક 'સભા'નું સરવૈયું કાઢવા એકત્ર થયા છીએ. દુનિયામાં દરેક વ્યક્તિ પોતાના વેપારરોજગાર અને દરેક પ્રવૃત્તિનું સરવૈયું વખતોવખત કાઢે છે કે જેથી સાચી પરિસ્થિતિનું ભાન થાય અને આત્મનીરિક્ષણના પરિણામે કાર્યમાં સફળતા પ્રાપ્ત કરવા નવા નવા ઉપાયો યોજવામાં આવે. 'સભા'નું સંમેલન મારી દૃષ્ટિએ મુખ્યત્વે કરીને આ કાર્ય માટે જ હોય છે. સાથે જ એકસરખી ભાવનાવાળાં હૃદયોના મિલનનો સ્વાભાવિક અપૂર્વ આનંદ તો હોય છે જ. એટલે સંમેલન એક duty–ધર્મકાર્ય અને આનંદોત્સવ બંને છે. આવા પવિત્ર કાર્યમાં ભાગ લેવા માટે આપ દૂર દૂરથી પધાર્યા છો તે માટે 'સભા' તરફથી આપનો સૌનો આભાર માનું છું.

હવે વિષય પર આવીએ આપણી 'ગુજરાત પ્રાંતિક પ્રજાપતિ સભા સ્થપાયાંને આજે બે સવા બે વર્ષ થઈ ગયાં છે. આ 'સભા'ની હસ્તી નહોતી ત્યારે સમસ્ત પ્રાંતના જૂદા જૂદા પેટાવિભાગોમાં વિભક્ત ભાઈઓને માટે એક છત્ર નીચે ઉભા રહેવાનું સ્થાન નહોતું. આજે એ પરમ સંતોષની વાત છે કે આપણે સર્વ પ્રજાપતિમાત્ર હકપૂર્વક એક સંસ્થાને પોતાની ગણાવીએ છીએ અને એના નામ નીચે એકત્ર કાર્ય કરવાને મળી શકીએ છીએ. કોમની સેવાના આપણે સર્વ ઇચ્છુક છીએ. એની ઉન્નતિ થાય એ આપણી ઇચ્છા છે. ઉન્નતિનાં ભાગીરથ કાર્યો ઐક્ય વિના, સંપ વિના થવાં મુશ્કેલ છે. **संहतिः कार्यसाधिका।** કાર્યસિદ્ધિનો મહામંત્ર સંપ છે. આ સૂત્રને અપનાવવાની દિશામાં 'સભા'ની સ્થાપના એ આપણો નમ્ર પ્રયાસ ગણાય.

આપણે કેવા ઉદ્દેશથી, કયી રીતે જ્ઞાતિઉન્નતિનું કાર્ય કરવા એકત્ર જોડાયા અને સભારૂપ બન્યા તે વિચારીએ. સમસ્ત ગુજરાતના પ્રજાપતિઓનું, પેટાભેદોને વિસારી, એકત્ર સબળ સંગઠન કરવું અને આચાર-વિચારની શ્રેષ્ઠતા પર શુદ્ધ પ્રજાપતિ બ્રાહ્મણ જાતિનું બંધારણ રચવું આ આપણો પ્રથમ ઉદ્દેશ છે. જ્ઞાતિની નૈતિક, સામાજિક અને આર્થિક

સર્વ પ્રકારની ઉન્નતિ થાય તે માટે તેવા ઉપયોગી પ્રશ્નો ચર્ચી ઘટતા ઠરાવો પસાર કરવા અને તે અમલમાં મૂકવાનો યોગ્ય પ્રયત્ન કરવો આ બીજો ઉદ્દેશ છે. આ ઉદ્દેશોની પૂર્તિની દિશામાં વિચારોનો ફેલાવો એ વર્ષની મુદત દરમિયાન 'સભા' તરફથી બહાર પડતા 'પ્રજાપતિ' છાપા મારફત તેમજ સંખ્યાબંધ ગામોએ જૂદે જૂદે પ્રસંગે 'સભા'ના કાર્યકર્તાઓ દ્વારા રહેલી પ્રચારસભાઓ મારફત ઠીકઠીક થયો છે એ વિષે શક નથી. છતાંયે 'સભા' સન્મુખના વિશાળ કાર્યક્ષેત્રના પ્રમાણમાં એ પ્રચાર બાજરામાં પડેલી પૂણી સમાન જ છે. વિશેષ પ્રચારની ખૂબ જ જરૂર છે. એ પ્રચારકાર્ય હાથ ધરવામાં આવે તો જ 'સભા'નો નવયુગનો સંદેશ પ્રજાપતિમાત્રને ઝુંપડે ગુજરાતને ખૂણે ખૂણે પહોંચી જાય. એ રીતે 'સભા'ના ઉચ્ચ આદર્શો ઝીલાવાને માટે વાતાવરણ તૈયાર કરી શકાય. આ પ્રચારકાર્ય સાધ્ય થઈ શકે તેનો હાલની સ્થિતિમાં એક જ માર્ગ છે અને તે એ કે પ્રત્યેક પ્રજાપતિ બંધુ અને ફરજરૂપે ખાસ કરીને દરેક 'સભા'ના સભાસદ 'સભા'ના પ્રચારકાર્યને પોતાના જીવનનું એક અંગ બનાવે. જેમ જીવનની બીજી જરૂરીઆતો વિના તેને ચાલતું નથી—ચલાવી શકતો નથી તેમ 'સભા'ના પ્રચારકાર્ય વિષે પણ કરે. 'સભા'ને માટે તેને જ્ઞાતિકલ્યાણની સંસ્થા તરીકે પ્રેમ હોય, તેના ઉદ્દેશો ને આદર્શો તે હૃદયે ધારે. તે પ્રમાણે પોતાનું વર્તન-જીવન ઘડવાનો પ્રયાસ સદાયે ચાલુ રાખે અને આ જ વસ્તુઓનો મિત્રો, સગાંસ્નેહીઓ અને ગામ પરગામના જ્ઞાતિજનોમાં પ્રચાર કરવાની અને તેમને પોતાના જેવા 'સભા'ના સભાસદ બનાવવાની, તેમની પાસેથી 'સભા' માટે યથાશક્તિ દાન પ્રાપ્ત કરવાની અને તેમને સભાના મુખપત્ર 'પ્રજાપતિ'ના ગ્રાહક કરવાની એક પણ તક તે જવા દે નહિ—અને એમ સભાસદ તરીકેની પોતાની ફરજ અદા કરે. આવા પ્રચારક-સભાસદ-સૈનિક આપણે સૌએ બનવાની જરૂર છે. 'સભા'ના ધ્યેયસિદ્ધિના માર્ગમાંનો આ એક સુલભ માર્ગ છે.

આ પ્રચારકાર્યની સાથે જ સભાના ઉદ્દેશો ને ઠરાવો પ્રમાણે કામ કરવાની, તેમનો અમલ થવાની અત્યંત જરૂર છે. તે વિના પ્રચારકાર્ય પાંગળુ જ રહેવાનું. એકલા મૌખિક (મોઢેના) પ્રચારથી કાર્યસિદ્ધિ કદી થતી નથી. દૃષ્ટિગોચર કાર્યપ્રતિમા વગર તેની લોકોમાં કંઇ અસર થતી નથી. પ્રચાર એ તો કર્મનો સંદેશ આપનાર શંખનાદ છે. પરંતુ કર્મ જ કર્મ કરવાને પ્રેરે છે—કર્મ કરાવે છે અને સિદ્ધિની નજીક લઈ જાય છે. આ કર્મને આપણે કેટલે દરજ્જે સાધ્યું છે તે વિચારીએ. પ્રથમ

ઉદ્દેશના સંબંધમાં આપણે સભાના સભાસદો ઉંચનીચની ભાવના દૂર કરી એકબીજાની સાથે સમાન ભાવે બેસતા ઉઠતા થઇ, વિના સંકોચે સાથે ભોજન લેતા થયા છીએ એને આનંદની વાત કોણ નહિ લેખે? એથી ભ્રાતૃભાવની ભાવનાને થોડે ઘણે અંશે પોષણ મળ્યું છે. આ ઉંચનીચની ભાવના સાર્વત્રિક રીતે દૂર થાય એવા પ્રયાસ થવા જરૂરી છે. પ્રથમ ઉદ્દેશના સંબંધમાં આપણે બીજું કંઇ કરી શક્યા નથી એ દીવા જેવું ઉઘાડું છે. આ ઉદ્દેશ પુરેપૂરો પાર પડે તે માટે તો ઘણો વખત જોઇશે જ, પરંતુ આચારવિચારે શુદ્ધ ભાઇઓ ઉપવીત ધારણ કરી આપણા બ્રાહ્મણધર્મના પાલનના પ્રયાસ આદરે એ ઇચ્છવા જોગ છે. એવી વ્યક્તિઓ દિવસે દિવસે વિશેષ વધતાં અને આપણાં મનોમાલિન્ય (મનનો મેલ) દૂર થઇ વિચારો ઉદાર થતાં, શુદ્ધ પ્રજાપતિ બ્રાહ્મણ જાતિનો સમય આપોઆપ આવશે. એટલે આ બાબતમાં વ્યક્તિગત પ્રગતિને સ્થાન છે જ અને વ્યક્તિઓએ પોતાનું કર્તવ્ય બજાવવાને કટિબદ્ધ થવું જોઇએ.

બીજા ઉદ્દેશની પૂર્તિની દિશામાં વીરમગામ તથા રોજીદના સંમેલનો-માં કેટલાક ઠરાવો આપણે કર્યા છે. તે અનુસાર 'સભા' તરફથી 'પ્રજાપતિ' પત્ર બહાર પાડવામાં આવે છે. એ સામાજિક સુધારાની પ્રેરણા જ્ઞાતિબંધુ-ઓને આપી રહ્યું છે અને આપણી 'સભા'ની ઉન્નતિની હીલચાલને ચલાવી રહ્યું છે. 'સભા'ના કાર્યો માટે ભંડોળ એકઠું કરવાના પ્રયાસો ચાલુ રહ્યા છે અને હાલ પ્રારંભથી માંડીને આજ સુધીની 'સભા'ના સર્વે ખાતાંઓની મળી કુલ આવક આશરે રૂા. ૧૩૧૨-૧૫-૦ થઇ છે. ૩૦૨-૯-૩ ખર્ચ થયું છે અને ૧૦૧૦-૫-૯ સીલીક છે. આ રકમ સભા-એ કરવા ધારેલી વિવિધ પ્રવૃત્તિઓ જોતાં કંઇ જ નથી. આ તો તેના જૂદા જૂદા ખાતાંઓના એક બે વર્ષના ચાલુ ખર્ચ પૂરતું જ છે. એટલે ભંડોરવૃદ્ધિનો પ્રશ્ન તો સદાય આપણે આંખ આગળ રાખવાનો છે. સારે નરસે પ્રસંગે જ્ઞાતિબંધુઓએ પોતાની પ્રિય 'સભા'ને કદી ભૂલવી ન જોઇએ. સભારૂપી તુલસી ક્યારાને યથાશક્તિ દાનરૂપી જળસિંચન કરી પોષવો જોઇએ. કેમકે એ આપણા જીવનસુધારની અણમોલી ઔષધિ છે. આ તત્ત્વ આફ્રિકાનિવાસી જ્ઞાતિબંધુઓ સમજ્યા હોય તેમ જણાય છે અને તેમના તરફથી પ્રસંગોપાત 'સભા'ને દાનની સારી રકમો મળતી રહી છે. આને માટે ત્યાંની 'પ્રીટોરીઆ પ્રજાપતિ સભા'ના ઉત્સાહી કાર્યકર્તા-ઓને ખરેખર ધન્યવાદ ઘટે છે. એમના ઉપરથી આપણે દેશવાસીઓએ ધડો લેવા જેવું છે. સભાસદ બંધુઓ પોતાનાં લવાજમો ભરવામાં ઢીલ કરે

છે એ પણ ભંડોરને થોડી ઘણી ક્ષતિ પહોંચવાનું કારણ છે. કેમકે તેમનાં લવાજમો પૂરતા પ્રમાણમાં ન આવી જવાને કારણે ચાલુ ખર્ચો સ્થિર કોષમાંથી—અનામત રકમોમાંથી ભરપાઇ કરવાં પડે છે. દાખલા તરીકે 'પ્રજાપતિ'ના આશરે ૭૫ બંધુઓનાં ૫મા વર્ષનાં લવાજમો બાકી છે. એ જો મળી ગયાં હોત તો 'સભા'ને 'પ્રજાપતિ'ના ચાલુ ખર્ચમાં 'પ્રજાપતિ સ્થાયી ફંડ'નાં નાણાંનો ઉપયોગ ન કરવો પડત. અને એ રીતે અણવાપર્યા રહેલ અને દિનેદિને વધતા જતા 'પ્રજાપતિ સ્થાયી ફંડ'નો ઉપયોગ આપણે 'પ્રજાપતિ'ને ખીલવવામાં કે એટલી સગવડ થયે તેને માસિક કરવામાં આપણે કરી શકીએ. આ જ પ્રમાણે 'સભા'ના સભાસદ બંધુ-ઓમાંથી લગભગ અર્ધાનાં બીજા વર્ષનાં લવાજમો હજુ આવ્યાં નથી. આ કારણે જોઇએ તેટલો વધારો ભંડોરમાં રહેતો નથી. એટલે સભાસદ અને ગ્રાહક બંધુઓએ પોતાનાં લવાજમ મોકલવાનું ધર્મરૂપ ગણી વર્ષની શરૂઆતમાં જ મોકલી આપવાં જોઇએ, જેથી આખર સુધીમાં ઘણાખરાંનાં લવાજમો વસુલ આવી જાય. આને માટે સ્થાનિક કાર્યકર્તાઓએ ખાસ તજવીજ કરવાની જરૂર હોય છે. તેઓ સચેત થઇ લવાજમો ઉઘરાવી મોકલી આપવાનું કાર્ય હાથ ધરે તો ઘણો લાભ થાય. બીજું વર્ષમાં એક બે વાર 'સભા'ના કાર્યકર્તાઓની પ્રચારક ટુકડીઓ જૂદા જૂદા ભાગોમાં ફરવી જોઇએ અને 'સભા'ની સામાન્ય હિતની પ્રવૃત્તિઓ માટે દાન એકત્ર કરવું જોઇએ. આ રીતે 'સભા'ની પ્રવૃત્તિને વિશેષ ફેલાવી શકાય અને ભંડોરમાં પણ પ્રતિવર્ષ સારો વધારો કરી શકાય.

વિદ્યાપ્રચારની દિશામાં ગયે વર્ષે હગામ્બરવાસ પાસે મોકવાનિવાસી એક વિદ્યાર્થીબંધુ મગનલાલ રણછોડદાસ પ્રજાપતિને એક વર્ષ માટે માસિક રૂા. ૭)ની સ્કૉલરશિપ એટલે આશરે રૂા. ૮૪ની મદદ અભ્યાસ દરમિયાન ભોજન ખર્ચ માટે સભાએ આપી છે. આને લીધે એ પ્રથમ શ્રેણીના વિદ્યાર્થીનો અભ્યાસ બંધ ન થતાં અંગ્રેજી પાંચમા ધોરણમાં ચાલુ રહ્યો અને આગળ વધવાની તેની તક નષ્ટ ન થઇ. હવે પછીને માટે તેના આગળ-ના અભ્યાસની સગવડ માટે સઘળી ગોઠવણ અમદાવાદના એક વિદ્યાક્ષેત્રમાં કરવાના અમારા પ્રયાસ ચાલુ છે. ભંડોર વધુ હોય તો આવા બીજા વિદ્યાર્થીઓને તેમને જરૂરી સહાય કરી કોમમાં કેળવણીના પ્રચારની દિશામાં આપણાથી કંઇક વધુ થઇ શકે.

જ્ઞાનપ્રચારની પત્રિકાઓમાં 'અમદાવાદ પ્રજાપતિ સભા' તરફથી દારૂ-નિષેધ સંબંધી 'વિષની કુપ્પી' નામક પત્રિકા અને 'સુરત પ્રજાપતિ

સભા ' તરફથી ' પ્રજાપતિ (કુંભકારોને) બે બોલ ' નામક આપણી ઉત્પત્તિ સંબંધીની એમ બે પત્રિકાઓ બહાર પાડવામાં આવી હતી. આવી પત્રિકાઓ જ્ઞાતિમેળાઓ થાય ત્યાં પ્રચાર માટે બહુ જ ઉપયોગી છે એટલે વધારે પ્રમાણમાં બહાર પાડવાની જરૂર છે.

' સભા 'ના વાર્ષિક મહોત્સવ—સંમેલન પ્રસંગે આપણી કારીગરીનું પ્રદર્શન ભરવાના ઠરાવ મુજબ ' પ્રજાપતિ કલા પ્રદર્શન ' ભરવાની શરૂઆત રોજીદના સંમેલનથી આપણે કરી છે. આ બાબતમાં વધારે પ્રચાર થવાની જરૂર છે ખરી, કેમકે જ્ઞાતિજનોને આ વાતની કેટલેક સ્થળે બીલકુલ ખબર પણ હોતી નથી અને મળે છે તો મોડી મળે છે કે જેથી પ્રદર્શન માટે ખાસ નમૂનાઓ તૈયાર કરવાનો સમય જ ન હોય. એટલે સંમેલન વગેરેનું સ્થળ, સમય વગેરે ' સભા 'એ એવી રીતે નક્કી કરવાં જોઈએ કે જેથી પ્રદર્શન માટેની તૈયારીઓ માટે પૂરતો સમય રહે. બીજી વાત એ છે કે જ્ઞાતિજનોને પ્રદર્શનમાં રસ લેતા કરવા માટે કંઈક આકર્ષક રીતો યોજવાની જરૂરીઆત છે. પ્રદર્શન એક ઔદ્યોગિક વિભાગનું જુદું જ ક્ષેત્ર છે અને એને માટે જેટલું કરીએ તેટલું થોડું છે.

' સભા 'એ વિદ્યાપ્રચાર અને સામાજિક સુધારાના ક્ષેત્રમાં વિદ્યાર્થીભવન અને વેરના સવાલો ઉપાડ્યા છે. તેમના ઉપર વિચાર, ચર્ચાઓ ઘણી વેળા થઈ છે. એ બેના કામ માટે બે જુદી સમિતિઓ પણ ' સભા 'એ નીમેલી છે. એ સમિતિઓ આગળ તેમનું કાર્ય સદાય પડેલું જ રહ્યું છે છતાં એ દિશામાં સમિતિઓ દ્વારા થએલા કંઈ પ્રયત્નો જણાવવામાં આવ્યા નથી એ ખેદની વાત છે.

' વિદ્યાર્થીભવન ' એ ' સભા 'ના અમલી કાર્યની પ્રતિમા ઉભી કરવા જેવું અગત્યનું કાર્ય છે. એ કોમમાં વિદ્યાપ્રચારનું એક અણમોલું સાધન ઉભું થશે. એ દિશામાં સતત પ્રયત્નો થવા જરૂરી છે. જ્ઞાતિબંધુઓએ ' સભા 'ને અંગે આવી એક સંસ્થાની જરૂર જોઈએ છે જ. અને એટલે જ વિના પ્રયાસે અત્યારે કેવળ વિદ્યાર્થીભવન સ્થાપવાનો ઠરાવ કરવા ઉપર જ ' વિદ્યાર્થીભવન ફંડ ' ખાતે રૂ. ૫૮૩—૭—૦ દાન સભાને પ્રાપ્ત થયું છે. આવા જરૂરી કાર્યને અણવિચાર્યું પડયું રહેવા દેવામાં આવે તો એ ' સભા 'ની શોભા નહિ ગણાય. એને માટે વ્યવહારૂ યોજનાઓ વિચારવામાં આવે અને આપણામાંથી કોઈ એક સેવક એ કાર્યને પોતાનું કરી એ દિશામાં 'સભા 'ને સદાય જાગૃત રાખે અને એનું કામ આગળ

ધાર્યે જાય તો ‘ ભવન ’ સ્થપાવાનો સમય નજીક આવે એ વિષે શક નથી. અને ભવનની શકયતા ઉપર ‘ સભા ’ની સફળતાનો મોટો આધાર છે. આ દિશામાં સતત પ્રયાસ ચાલુ રહે તો પૂરતાં ફંડ મેળવવાને માટે ખાસ યોજનાઓ કરવામાં આવે અને ‘ ભવન ’ સ્થપાવાની ઘડી નજીક દેખાતાં તો જ્ઞાતિજનો તરફથી પણ ફંડની અપીલનો સારો જવાબ મળે. માટે ‘વિદ્યાર્થીભવન’નો સવાલ એક સેવકે ઉપાડી લેવો જોઇએ અને સતત પ્રયાસ ચાલુ રહેવા જોઇએ. ‘ સભા ’ આને માટે યોગ્ય વિચાર કરે એવી વિનંતિ છે.

વેઠ, પણ આપણે માટે એટલો જ અગનો સવાલ છે. બરવાળાની વેઠ, વાંટવાળીની વેઠના પ્રશ્નો આપણી આંખ આગળ ઉભા જ છે. એને માટે ‘ સભા ’ની વેઠ સમિતિ કંઇ પણ પગલાં ભરવાને શક્તિમાન નથી થઇ એ ખરેખર શોચવા જેવું છે. આપણા પીડિત ભાઇઓની વ્હારે જવાની આપણે જાહેરાતો કરીએ અને તેમના દુઃખનિવારણ માટે આપણે યથાશક્તિ પણ ન કરી છૂટીએ તો એનાં કરતાં એવા સવાલો આપણે હાથ જ ન ધરીએ અને દીન ભાવે કહી છૂટીએ કે અમારાથી એ દિશામાં કંઇ પણ થઇ શકે તેમ નથી એ વધારે સારૂં છે. પરંતુ એમ કામથી આપણે ભાગતા ફરીએ તો પછી સભાને કરવાપણું જ શું રહશે? વેઠના જુલમો ને દુઃખો અસહ્ય છે. એની પીડા તો એના ભોગ થએલા જ જાણે છે. એનો ખ્યાલ આપણને સ્વપ્નમાં પણ આવવો મુશ્કેલ છે. એનો ખ્યાલ આપણને આવ્યો કે આપણાથી હાથ જોડીને બેસી જ નહિ રહેવાય. હમણાં મોડાસા પ્રદેશના સાકંબા ગામના કુંભકારોની વેઠની હૃદયવિદારક વાતો મારી પાસે આવી છે. એવાં શરમ ભરેલી એ જ જાતીની કોમના અપમાનની કહાણીઓ સાંભળું છું ત્યારે હૃદય રડી ઉઠે છે. પણ હાય એવા કીસ્સાઓ મીટાવવાને માટે આપણી પાસે કયાં બળ છે, કયાં સંગઠન છે, કયાં કાર્યપરાયણતા છે? આખા પ્રાંતની ‘ સભા ’ના નામ નીચે, સંગઠનના નામ નીચે કાર્યપરાયણતાને અભાવે આપણે નિર્વીર્ય છીએ, રાંક છીએ, આપણે માથે થતા અમાનુષિક જુલમો સહવાને જાણે સરજાએલા જ છીએ! બંધુઓ વેઠ એ દુઃખી જનનીનો પોકાર છે. એના નિવારણ માટે આપણે કંઇક પણ કરી શકીએ તો જ્ઞાતિસેવાના વ્રતનું સાફલ્ય છે. એ થતાં સભાની જડ પણ ઉંડી જશે અને ધ્યેયસિદ્ધિ નજીક આવશે. એને માટે જરૂરી સહાય પીડિતોને કરી શકાય એવી યોજના ‘ સભા ’એ ઘડવી ખાસ આવશ્યક છે.

બીજા કેટલાક છૂટા છવાયા પ્રાસંગિક જ્ઞાતિહિતના પ્રયત્નો 'સભા' તરફથી થતા રહ્યા છે તે વિષે અહીં વિવેચન કરવાનો સમય નથી. હવે પાછલા વખતમાં જે પરિસ્થિતિ રહી છે તે સંબંધી બે શબ્દ રજૂ કરવાની રજા લઉં છું. વડોદરાની કાર્યવાહક સમિતિ મળ્યા બાદ ઉત્તરોત્તર કાર્યકર્તાઓમાં મંદતા વધતી જ ગઈ છે અને બોટાદનું સંમેલન મોકુફ રહેતાં નિરૂત્સાહતાએ આખાયે વાતાવરણને જાણે ઘેરી લીધું છે. અપવાદ સિવાય કોઈ પણ કાર્યકર્તા તરફથી કોઈ પણ જાતની પ્રવૃત્તિ થઈ જાણવામાં આવી નથી. કે કાર્યાલય તરફથી થતી પ્રવૃત્તિમાં પોતાની ફરજને અંગેયે સહાય કરવાની કોઈએ તૈયારી બતાવી નથી ! આ ખરેખર નિરાશા ઉપજાવનાર વસ્તુસ્થિતિ છે. ચોમેર શાંતિનું સામ્રાજ્ય જાણે પ્રસર્યું. એ શાંતિ મૃત્યુની શાંતિ ન થઈ પડે એટલા ખાતર એ દેખાતી શાંતિના પડદા પાછળ કાર્યાલય તરફથી આ દુઃખદ પરિસ્થિતિનો ઉકેલ આણવા માટે સંમેલન ભરવાના પ્રયાસ તો ચાલુ જ રહ્યા. અને જગદીશની પરમ કરૂણાથી આજે આપણે આ જટિલ પ્રશ્નનો ઉકેલ આણવા અહીં મળ્યા છીએ એથી મારા આનંદનો પાર નથી. આપણે આપણને કંઈ વધારે ઉજ્વળ ભાવી તરફ લઈ જનારા વિચારો ને અમલી કાર્યની યોજનાઓ કરી વીખેરાઈએ અને 'સભા'ના કાર્યને કર્તવ્યપરાયણ બની આગળ ધપાવીએ એ હૃદયેચ્છા છે. આપણે કંઈ પણ સત્વચાળું કરી ન દઈએ અને યથાશક્તિ કાર્ય કરવાના હકની વહેંચણી સભ્ય બંધુઓ ન સ્વીકારે અને 'સભા'નું સર્વ કંઈ કાર્ય, આ વાર્ષિક સંમેલનો ભરવાનું અને તેની સર્વ વ્યવસ્થા કરવાનું કાર્ય પણ 'સભા'ના મંત્રીની એકલાની ફરજમાં જ આવી જતું હોય અને બીજા સભ્યો નામમાત્રના જ સભ્યો રહી શકતા હોય તો એવા નામમાત્રના સભ્યોની 'સભા'-ના મંત્રીપદના બંધનની મારે માટે પણ હું લેશ માત્ર જરૂર જોતો નથી અને એમાંથી મુક્તિ ઇચ્છું છું. આશા છે કે એક દોરડાના સર્વ તાંતણા જેમ એકબીજાને બળ આપવાનું કાર્ય બજાવે છે તેમ સભારૂપી સંગઠનના દોરડાના તંતુઓ આપણે એકબીજાને બળ આપવાના—સહાય કરવાના જ નિશ્ચય ઉપર આવીશું. ૐ શાંતિ ! શાંતિ ! શાંતિ !

તા.૧૧-૫-૨૭ | **જીવન ગ. પ્રજાપતિ**

વાંચક બંધુ : તમે આ 'સભા'ના સભાસદ છો ? ના. તો આજે જ થઈ જ્ઞાતિ સેવાના કાર્યમાં તમારો ફાળો આપો. સભાસદ છો અને બીજા અને ત્રીજા વર્ષનું લવાજમ હજુ સુધી ન ભર્યું હોય તો આજે જ મોકલી આપો.—મંત્રી

પ્રમુખ શ્રી. રણછોડભાઇનું ભાષણ

જ્ઞાતિબંધુઓ, બ્હેનો અને અન્ય સહૃદયસજ્જનો,

આજે આપણી જ્ઞાતિમાં મારા કરતાં વિદ્વાન ને લાયક પુરૂષો હોવા છતાં સર્વ બંધુઓએ મને સંમેલનના પ્રમુખપદનું જે માન આપ્યું છે તે માટે આપ સર્વેનો હું અત્યંત આભારી છું. પ્રભુ મને એ કાર્ય પાર પાડવામા સહાય અર્પો એવી મારી તેના પ્રત્યે પ્રાર્થના છે. આ વખતે સંમેલન ડાકોરજી જેવા તીર્થક્ષેત્રમાં ભરાયું તે ઘણું ખુશી થવા જેવું છે. તીર્થક્ષેત્રમાં મન પુણ્યકર્મ કરવા પ્રેરાય છે. આપણે પણ તે હેતુથી પ્રેરાઇ અત્રે ભેગા થયા છીએ. ડાકોર તો શ્રી. બોડાણાનું સેવાધામ. ભક્તરાજ શ્રી. બોડાણાજી-ની સેવાભક્તિને આધીન થઇ શ્રી રણછોડરાયજી દ્વારકામાંથી ડાકોરજી પધાર્યા. એવી પવિત્ર ભૂમિમાં આજે આપણે આપણું હિત વિચારવા ભેગા મળ્યા છીએ. એટલે આપણી આ યાત્રા ત્યારે જ સફળ થાય કે જ્યારે આ પવિત્ર સ્થળમાં આપણે કંઇ પણ શુભ કાર્ય કરવાનાં પણ લઇએ.

આ ત્રીજું સંમેલન તો કાઠિયાવાડમાં બોટાદને આંગણે ભરાવાનું હતું, પણ બોટાદના જ્ઞાતિભાઇઓ કોઇપણ કારણે તે આપેલું વચન પાળવામાં અશક્ત નીવડયા એટલે 'સભા'એ ડાકોરમાં સંમેલન ભરવાનો નિશ્ચય કર્યો. એક વિખુટા પડેલા કુટુંબી જનોનો મેળાપ થતાં જેટલો આનંદ થાય છે તેટલો જ આનંદ આજે જૂદા જૂદા સ્થળના ભાઇઓ મળ્યે થાય છે. આ આનંદના પ્રસંગે આપણી પ્રવૃત્તિમાં રસ લેતા સ્વ. વિદ્વાન વાયુશાસ્ત્રી શ્રી. દેવજી-ભાઇ મકવાણા યાદ આવે છે. બીજું આપણી જ્ઞાતિના ભૂષણરૂપ ભક્તરાજ શ્રી પુરૂષોત્તમદાસજીનું અવસાન પણ જ્ઞાતિને ભારે ખોટરૂપ છે. પણ આવા આત્માનો સૂક્ષ્મ દેહ અંતરીક્ષપણે આપણાં શુભ કાર્યને આશીર્વાદ આપી રહ્યાં છે.

પેટાભેદ

ભાઇઓ, અત્યારે દેશના આગેવાનોની માન્યતા એવી છે કે ઘણી પેટા નાતોથી દેશને ફાયદો થવાને બદલે હાનિ થઇ છે. માટે અસલની જેમ વેદ આજ્ઞાનુસાર પાછા ચાર વર્ણો જ થવાની ખાસ જરૂર છે. અને આ સવાલ તો આખા દેશમાં વસતી દરેક કોમને લગતો છે. એટલે એ સવાલ જૂદી જૂદી કોમોએ હાથ ધરવો જોઇએ. આપણી કોમમાં પણ જૂદા

જૂદા ભાગોમાં વસવાટને લઇને ઘણા પેટા ભાગો પડી ગયા છે જેવા કે—વરીઆ, વાટલીઆ, ગુર્જર, સોરઠીઆ, લાડ વિગેરે. આ શાખાભેદ દૂર થઇ એક જ કુંભકાર કોમ તરીકે બંધાવાની જરૂર છે. વરસાદનાં ઝીણાં ઝીણાં ફોરાંમાં તાકાત નથી, પણ જ્યારે તે ફોરાં ભેગાં મળી પૃથ્વી ઉપર નદી રૂપે એક સાથે વહે છે, ત્યારે તેની શક્તિ કંઇ ઓર જ દેખાય છે. તેવી જ રીતે આપણે પણ એકત્ર થઇએ તો આપણું કોમી બળ વધે. એ પ્રમાણે બધા પેટા ભેદો ભૂલી જઇ એક જ સમગ્ર પ્રજાપતિ—કુંભકાર કોમ બનાવવાને માટે જ આપણી 'ગુજરાત પ્રાંતિક પ્રજાપતિ સભા'ની સ્થાપના થઇ છે. આ સભાનો મુખ્ય આશય સંપ ફેલાવી કુંભકાર જ્ઞાતિનો ઉદ્ધાર શી રીતે થઇ શકે તેનો વિચાર કરવાનો છે. કોઇ પણ ભાગમાં વસતો કુંભકારનો દીકરો આપણો સગો ભાઇ જ છે એવો ભાવ દરેક ભાઇએ રાખવો અને જ્યાં પોતાની કોમમાં ભાણાવ્યવહાર થઇ શકે ત્યાં કન્યાવ્યવહાર પણ થઇ શકે છે એવો ઉદાર ભાવ ધારણ કરવો જોઇએ. ભાઇઓ આપણા ગોળને વિશાળ બનાવો.

કોમનું વસ્તીપત્રક

આપણી કોમ દરેક ગામે ગામ વસેલી હોય છે. કોમના ભાઇઓ શું શું ધંધો કરી રહ્યા છે અને જૂદે જૂદે ઠેકાણે કેવા રીતરિવાજો છે તે જાણવાનું સાધન વસ્તીપત્રક છે. કોમનું વસ્તીપત્રક કરવાથી ઘણું જાણવાનું મળી શકે અને એ ઉપરથી એક બીજા ભાઇને ધંધા વગેરેમાં મદદ કરવાનું બની શકે. બીનરોજગારવાળા ભાઇઓને ધંધા વગેરેમાં આગળ વધેલા બંધુઓએ મદદ કરવા ચૂકવું નહિ. સભા તરફથી વસ્તીગણત્રીના ફોર્મ છપાવવામાં આવ્યાં છે. દરેક ગામના ભાઇઓએ તે મંગાવી લઇ પોતાના ગામનું વસ્તીપત્રક બનાવી કાર્યાલયે મોકલી આપવું જેથી સભા પોતાનો સંદેશ તે ભાઇઓને પહોંચાડી શકે. આ કામ એકલા હાથનું નથી. માટે સૌ ભાઇઓએ ઉત્સાહથી મદદ કરવી ઘટે.

આપણું પત્ર

"પ્રજાપતિ" જ્ઞાન ફેલાવાનું કાર્ય કરી રહ્યું છે. હજી તે દ્વિમાસિક જ છે. અને તે પણ આર્થિક સ્થિતિમાં ડગુડગુ ચાલે છે તે આપણને હિણપદ લગાડનારૂં કહેવાય. આપણે એ પત્રને ઉત્તેજન આપી પોષવું ઘટે

વિદ્યાર્થીભવન

પોતાની પ્રજાને હુન્નરઉદ્યોગની કેળવણી આપવા માટે વિદ્યાર્થીભવન જેવી સંસ્થા જેમ બને તેમ વેળાસર ખોલવી જોઇએ. આવા વિદ્યાર્થી

ભવનમાં મારા અંગત વિચાર પ્રમાણે દરેક આપણાં જ્ઞાતિબાળકોને ધંધાની જ કેળવણી* આપવાની વ્યવસ્થા થવી જોઇએ. જેવાં કે

(૧) માટીકામ—તેમાં દેશી અને સુધરેલી ફેશનનાં નળીઆ, ઈંટો, ચીની વાસણો, હાંડીઓ અને રમકડાં વગેરેની બનાવટ.

(૨) પત્થરકામ—તેમાં મૂર્તિઓ, બાવલાં વગેરે ઘડવાની કારીગરી.

(૩) મકાન બાંધવાની વિદ્યા- કડીયા, સુતાર વગેરેનું સંપૂર્ણ જ્ઞાન.

(૪) ખેતીને લગતું—ખાતરો રસાયણની રીતે બનાવવાં તથા જમીન કેળવવા સંબંધીનું યોગ્ય જ્ઞાન.

(૫) યાંત્રિક જ્ઞાન.

ઉપરની પાંચે લાઇન યા તેમાંથી જેટલી હાલ યોગ્ય લાગે તેટલીની કેળવણી આપવાનો બંદોબસ્ત થાય તો લગભગ પા સદીમાં આપણી કોમ સારી લાઇનમાં આવી જાય એમ મારૂં માનવું છે. તે કામને માટે 'સભા'એ ફંડ ખોલ્યું છે તેને યોગ્ય ટેકો આપવા જ્ઞાતિભાઇઓને હું નમ્ર વિનંતિ કરૂં છું.

વેઠ સંબંધી

વેઠ એ આખી કોમનો પ્રશ્ન છે. એ પ્રશ્નના ઉકેલ માટે વેઠસમિતિ નીમવામાં આવી છે. આપણી ઇચ્છા ન હોવા છતાં જબરદસ્તીથી જે કાર્ય આપણી પાસે વગર મહેનતાણે કે નામનું મહેતાણું આપીને કરાવવામાં આવે તેનું નામ સામાન્ય રીતે વેઠ. આ વેઠ રાજ્યના અમલદારોની કે ગામના મુખીમામલતદારની હોય છે. કોઇ અમલદાર આવે ત્યારે ચોરાનું પાણી ભરવું, ઉપરાંત વાસણો પૂરાં પાડવાં વગેરે વેઠને અંગે કરવાનું હોય છે. વળી વેઠ કરનાર ધણી કોઈ વાર હાજર ન હોય, બહાર ગામ ગયા હોય યા બીમાર હોય તે વખતે તેની સ્ત્રી યા જુવાન બેનદીકરીને પકડી જવામાં આવે છે. આ દેખાવ અસહ્ય છે. આ પ્રથા સામે દેશના આગેવાન પુરૂષો પોકાર કરી રહ્યા છે. ધારાસભામાં બેસતા આપણા દેશહિતેચ્છુઓને આ સઘળી વાતથી વાકેફ કરી યોગ્ય દાદ મેળવવા પ્રયાસ 'સભા'એ ચાલુ રાખવો ઘટે.

વળી આ વેઠ લગભગ ગરીબ માણસોના ઘર ઉપર જ હોય છે. બીનકેળવાએલને વધારે સોસવું પડે છે. માટે આપણાં બાળકોને કેળવણી

* કેવળ ધંધાની જ કેળવણી અપાય તો તે 'વિદ્યાર્થીભવન' નહિ પણ હુન્નર-ઉદ્યોગનું ભવન થશે. 'વિદ્યાર્થીભવન'માં હુન્નર-ઉદ્યોગ ઉપરાંત તેથીયે વધુ જરૂરી જીવનને સુસંસ્કાર આપનારી વસ્તુઓ— જેથી સાચા મનુષ્ય બની શકાય —નો સમાવેશ થવો જોઈએ.—મંત્રી

આપી, હુન્નરના જાણકાર અને કારીગર બનાવી પ્રાણવાન બનાવો અને સારા ખેડુત, સારા કળાવાન બનો એટલે વેઠ આપોઆપ છૂટી જાય. હાલ બીજો કોઈ સુલભ માર્ગ મને સુઝતો નથી.* આ જાતિને વેઠે પકડી ન શકાય એવો ભાવનગર સ્ટેટમાં ખાસ કાયદો છે. તેનો દાખલો લઇ બીજા દેશી રાજ્યો એવો કાયદો કરે એવી વિનંતી છે. જુનાગઢ સ્ટેટના ગાધકડા ગામે કુંભાર લોકો ઉપર અધિકારીઓએ ગેરવ્યાજબી વેઠનો ત્રાસ ગુજારેલો તેના ખબર ત્યાંના હાલના દીવાન સાહેબ મહમદભાઇને પડતાં તેમને ભયમુક્ત કર્યા. આ રીતે મોટા અમલદારો સહાનુભૂતિ દર્શાવે તો પણ વેઠ ઘણી ઓછી થઇ જાય.

જ્ઞાતિના દુષ્ટ રિવાજો

બાળલગ્ન, કન્યાવિક્રય, ન્યાતવરા, રડવુંકુટવું, ફટાણાં ગાવા વગેરે રિવાજો હાનિકારક ને વખોડવા યોગ્ય છે. આ રિવાજોથી કોમનું સત્ત્વ હણાતું જાય છે. જૂદા જૂદા સ્થળના ભેગા થએલા ભાઇઓ આ બાબતનો વિચાર કરી કંઇ પહેલ કરે ને પોતાને ત્યાં સુધારો દાખલ કરે તો સામાન્ય લોકો તેનો ધડો લે. ધર્મના કામમાં ઢીલ ન હોય. બાળલગ્ન અને કજોડાંથી જ્ઞાતિમાં મરણ પ્રમાણ વધે છે અને ઉત્તરોત્તર કોમ શારીરિક બળમાં ઘસાતી જાય છે. કન્યાવિક્રયથી લોકો નીતિભ્રષ્ટ, લાલચુ ને દીકરીનું હિત ભૂલતા જાય છે. એટલે સમજુ જ્ઞાતિઆગેવાનોએ આવા રિવાજ બંધ કરવા પ્રયાસ કરવો. ફટાણાં વિગેરે ખરાબ ગીતો સારાં કેળવાયેલાં કુટુંબોથી હવે દૂર થતાં જાય છે તે ઘણું ખુશી થવા જેવું છે.

આચારવિચાર

આ જગતમાં જન્મીને મનુષ્યે માત્ર ખાવુંપીવું અને ઉંઘવું એ રીતે રાતદિવસ વીતાવી, આયુષ્ય પુરૂં કરવાનું નથી. પણ ધર્મનો સંચય કરી પવિત્ર જીવન ગાળવાનું છે. ધર્મનું પ્રથમ પગથીયું શુદ્ધ આચાર અને શુદ્ધ વિચાર છે. એક સારા સદ્ગૃહસ્થ કે રાજ્યના મોટા અમલદાર આપણે ઘેર મહેમાન તરીકે આવવાના હોય ત્યારે આપણું આંગણું કેટલું સાફસુફ રાખીએ છીએ. તેમ અમલદારના અમલદાર અને મહારાજાના

* વેઠના ભયથી કાયર થઈ ધંધો છોડી દેવો એ વેઠ નાબુદ કરવાનો માર્ગ નથી. વેઠ એ અન્યાયી જુલમ છે. તેને તાબે થવું ન જોઈએ, તે ન કરવી જોઈએ એવી કેળવણી જ્ઞાતિજનોમાં ફેલાવવી અને પરિણામે વેઠની સામે થનારના માર્ગમાં આવતાં દુઃખો નિવારવા માટે આખી કોમે સંગઠિત થઈ કાયદેસર ઇલાજો લેવા જોઈએ.—મંત્રી

પણ મહારાજા શ્રી પ્રભુને આપણા હૃદયમંદિરમાં પધરાવવા હોય તો કેટલી બધી પવિત્રતા જોઇએ ! તે પવિત્રતા અંતઃકરણની છે. હૃદયની પવિત્રતાની સાથે શરીરશુદ્ધિ પણ જરૂરની છે અને તેને માટે દરરોજ ન્હાઇધોઇ સ્વચ્છ રહેવાની દરેક ઘરમાં પ્રથા જ પડી જવી જોઇએ. સાથે ખાણાંપીણાંનો પણ મોટો સવાલ છે. કહેવત છે કે અન્ન તેવો ઓડકાર. માણસ ન્હાઇધોઇ, સ્વચ્છ રહે પણ અભક્ષ્ય ખોરાક લે અને ન ઘટે તેવું દારૂતાડી વિગેરેનું પીણું પીએ તો એથી ભુંડું બીજું શું કહેવાય ? માટે જ્ઞાતિભાઇઓએ આવાં દુર્વ્યસનોમાંથી ઉગરી જવા અવસ્ય પ્રયત્ન કરવો જોઇએ. આવા ઉત્તમ ખોળીઆને મલિન વસ્તુથી આપણે ભ્રષ્ટ ન કરવું ઘટે.

અંતમાં સૌ ભાઇઓ શુભ રસ્તો ગ્રહણ કરે તેમાં જ મોભો અને અને આબરૂ સમાયલાં છે. દુનિયાનો પવન હવે બદલાયો છે. તે તરફ આપણા સમાજે વળવું તેમાં જ આપણું હિત સમાએલું છે, અને તેમાં જ પ્રભુ રાજી છે. જે પ્રભુ કૃપાથી આજે આપણે સૌ ભેગા થયા છીએ ને જેની કૃપા વડે જગતનાં દરેક કાર્યો બની શકે છે એવા પ્રભુને શરણે જઇ પ્રાર્થના કરીશું કે 'હે પ્રભુ ! અમોને આવા અજ્ઞાનરૂપી ઉંડા અંધારામાથી જ્ઞાનરૂપી ઉજ્વળ અજવાળામાં એટલે પરમ સત્ય અને ધર્મ તરફ લઇ જા. કારણકે તું સૌથી મોટો છે. બધું તારી કૃપા વડે જ બને છે.'

'ઉંડા અંધારેથી પરમ સત્યે તું લઇ જા.'

ભાઇઓ હવે હું બેસી જાઉં તે પહેલાં મારથી કંઇ અણઘટતું વિવેચન થયું હોય તેની માફી માગી લઉં છું ને આપ ભાઇઓએ શાંતિ જાળવી તે માટે આપનો આભાર માનું છું. ૐ શાંતિ !

આપણી કોમ કેળવણીમાં પછાત છે. કોમમાં વિદ્યાની જેટલી જરૂર છે તેટલી બીજા કશાયની નથી. અને સર્વ જાતનાં દાનોમાં વિદ્યાદાન શ્રેષ્ઠ છે. તમે જાણો છો કે આ 'સભા' જ્ઞાતિના આશકતા વિદ્યાર્થીઓને આગળ વધવામાં સહાય કરે છે? તો સારૅનરસે પ્રસંગે 'સભા'ના વિદ્યાફંડ તરફ તમારો ઉદાર હાથ લંબાવશો કે ?—મંત્રી

બીજું પ્રજાપતિ કલાપ્રદર્શન

'ગુજરાત પ્રાંતિક પ્રજાપતિ સભા'ના ત્રીજા વાર્ષિક સંમેલન પ્રસંગે બીજું પ્રજાપતિ કલાપ્રદર્શન પણ ભરવામાં આવ્યું હતું. આ પ્રદર્શનમાં પહેલીવારના કરતાં વધારે નમુનાઓ આવવા જોઇતા હતા, પણ ધારવા કરતાં ઘણા જ થોડા આવ્યા. તોપણ જે નમુનાઓ આવ્યા હતા તે નવીન હોઇ આશા આપનારા હતા.

પ્રદર્શન ખુલ્લું મુકવાની ક્રિયા આંટનિવાસી શ્રી. ભીખાભાઇ ઉ. માસ્તરના મુબારક હાથે થઇ હતી. પ્રથમ દિવસે થોડા નમુના જોઇ પ્રમુખશ્રીને દીલગીરી થઇ. પણ બીજે દિવસે નમુનાઓ વધુ પ્રમાણમાં આવ્યા ત્યારે તેઓ પ્રસન્ન થયા. આ પ્રસંગે ખાસ નોંધ લીધા જેવી ઘટના એ બની કે,—વિરમગામના એક વકીલ શ્રી. કેશવલાલભાઇ ત્યાં પધારેલા. તેમને બોલવાની વિનંતિ કરતાં તેઓશ્રીએ પોતાના વ્યાખ્યાનમાં માટીકામની કળા અને તેની પ્રગતિ શી રીતે થાય તેને લગતી બોધદાયક વાતો કહી. કળારસિકોને શીખામણ મળી શકે તથા વ્યાપારિક જ્ઞાનના બીનઅનુભવી કારીગરોને પોતાનો માલ સરળપણે શી રીતે વેચી શકાય એ સમજાવનારૂં તેમનું પ્રવચન સાંભળનારને ગમી જાય એવું ને લાભદાયક હતું.

પ્રદર્શનમાં આવેલ નમુનાઓના વિભાગ પાડીએ તો (૧) માટીકામ (૨) ચિત્રકામ (૩) સુથારીકામ (૪) ભરતગુંથણ કામ એ રીતે ચાર વિભાગ પાડી શકાય. તેવા જુદે જુદે ઠેકાણેથી ૧૦ જણના નમુનાઓ આવેલા હતા. એની કસોટી કરવા માટે ચાર સભ્યોની સમિતિ નીમવામાં આવી હતી. સમિતિએ નમુનાઓની કસોટી માટે ઉત્તમ, સરસ, ને સારૂં, એ ત્રણ પ્રકારનું ધોરણ ઠરાવ્યું. અને એ રીતે નમૂના લાવનાર ભાઇઓનું વર્ગીકરણ કરવામાં આવ્યું જે નીચે મુજબ છે.

ઉત્તમ (૧) શ્રી. ગોકળદાસ કાનજી (કાળી તળાવડી ખંભાત), ફુલઝાડનું મોગરું કુંડું તથા મણ મોંઢાની ચલમ, રમકડું વગેરે માટી કામના નમુના. (૨) શ્રી. રામજીભાઇ નાથુભાઇ (સગરામપુરા, પાંજરા શેરી સુરત) કૃષ્ણની છબીવાળું વૉલસીટ (ઘરૂં) તથા આરસીવાળું નાનું વૉલસીટ (ઘરૂં) વગેરે સુથારી કામના નમુના. (૩) શ્રી. મંગળદાસ મગનલાલ હલવાઇ (કાળુપુર, પદાણુવાડા, અમદાવાદ) ત્રણ કોઠા, નાના કસરતના તથા

ઋષિમુનિઓને દાન કરતી સ્ત્રીઓ તથા દડા સાથે રમતો બાળક વગેરે ઑઇલ પેઇન્ટીંગ ચિત્રકામના નમુના. (૪) શ્રીમતી જીવનદેવી (લુણસાવાડા, અમદાવાદ) સ્વદેશપ્રીતિ અને વખત એજ પૈસો એ મુદ્રા વાકયો સૂચવનારા રૂમાલો તથા ઉનનાં મંજીફરાક, બાળકનાં મોજાં અને બાળકની ટોપી વગેરે ભરતગુંથણના નમુના.

સરસ (૫) શ્રી. જમનાદાસ પુંજાભાઇ (બાલાહનુમાન, ખાડીયા, અમદાવાદ) ક્રિશ્ચિયન છોકરીની પ્રાર્થના અને બગાસું ખાતો સીદીનો બાળક વગેરે વૉટર કલર ચિત્રકામના નમુના (૬) ભગત રણછોડ મૂળચંદ (મોતીશા દરવાજા, પાટણ) પીપળાનાં પાંદડા ઉપર ચિત્રેલી છબીઓ નં. ૭ અને કાપડના પડદા ચિત્ર નં-૨ વગેરે ચિત્રકામના નમુના. (૭) સ્વ૦ નર્મદાબેન કરસન દાસ (સગરામપૂરા, પાંજરા શેરી, સુરત) શકરપારાભાત, ચારોળીભાત, બદામભાત, ગુંથેલા રૂમાલ તથા નેતરનું તોરણ વગેરે ગુંથણકળાના નમુના (૮) શ્રી. મોહનલાલ મોતીલાલ દલવાડી (પાંચકુવા, અમદાવાદ) કલાપ્રદર્શન કાર્ડ બૉર્ડ સ્વાગતનું તથા સભાના બૉર્ડના પડદાનું ચિત્રકામ વગેરે.

સારૂં (૯) શ્રી મંચ્છારામ નારણદાસ (સગરામપુરા, પાંજરા શેરી, સુરત) પેટીનો સંકેલીઓ (ફૉલ્ડીંગ) રેંટીઓ સુથારી કામનો નમુનો. (૧૦) શ્રી વૃજલાલ મોરાર સ્વામી (વડોદરા) મારફત–માટીના પ્યાલા ચીનાઇ જેવા નંગ-૩,

ઉપરના નમુનાઓ ઉપરાંત ચાણોદવાળા એક બ્રાહ્મણ નવયુવક સ્વહસ્તે ચિત્રેલાં ભાવવાહી ચિત્રો નં ૩૧ આ પ્રદર્શનમાં મૂકવા લઇ આવ્યા હતા. તેને પણ પ્રદર્શનમાં આદર અપાયો હતો. કુદરતના અભ્યાસી શોખીન બાઇબ્હેનોને આ ચિત્રો ખાસ જોવાલાયક હતા. પ્રભુ, ચિત્રકારની પીંછીને અમર બનાવે.

ગયા વર્ષે બીજા સંમેલન વખતે પ્રથમ પ્રદર્શન ભરાવા સારૂ આગળ-થી હકીકત જાહેર કર્યા પ્રમાણે નમુનાઓની યોગ્યતા મુજબ તે પ્રસંગે પ્રમાણપત્રો અને પાછળથી ચાંદીના કલાચંદ્રકો અપાયાં હતાં. આ વખતે તેમ બન્યું નથી. પણ નમૂના લાવનાર ભાઇઓને પોતાના નમૂનાની યોગ્યતા મુજબ બંને વસ્તુ મળશે તેવી તેમણે ખાતરી રાખવી. વળી આવતા સંમેલન વખતે ભરવાના પ્રદર્શનમાં તેઓ પોતપોતાના અનેક તરેહના નમુનાઓ રજુ કરી પ્રદર્શનને સફળ બનાવશે એવી આશા સાથે વિરમુ છું

ઉદ્યોગશાળા, પેટલાદ }

મહાવજીભાઇ સાજન નારીગરા
મંત્રી : પ્રદર્શન વિભાગ

વકીલ શ્રી. કેશવલાલભાઇનું ભાષણ

પ્રમુખ મહાશય અને અન્ય સજ્જનો,

આ દુનિયાની અંદર જૂદી જૂદી પ્રજાઓ અને કોમો પ્રગતિ પામવા પ્રયાસ કરી રહી છે. પ્રજા તરીકેના હક મેળવવા માટે રાજકીય ને દેશને સમૃદ્ધ બનાવવા માટે જૂદી જૂદી ઔદ્યોગિક પ્રવૃત્તિઓ ચાલી રહી છે. અંગ્રેજ અને બીજી પ્રજાઓ પોતાના હુન્નર-ઉદ્યોગ વધારી-ને આટલે દરજ્જે પહોંચી છે. તે લોકોની પોતાના હુન્નર-ઉદ્યોગની સંસ્થાઓ (મહાજન) હોય છે અને તે દ્વારા તેઓ પોતાના ધંધાને ખીલવવાના ને વધારવાના પ્રયાસ કરે છે. તમે લોકો પણ તમારા ધંધાનાં મહાજન બાંધો ને સંપથી કામ કરો તો તમે પણ તમારો ધંધો ખીલવી શકો. ઉદ્યોગને લગતાં કેટલાંક અંગ્રેજી પુસ્તકો મળે છે. તે વાંચી તેનો તરજુમો કરી તમારા માસિકમાં છપાવો અને સંમેલનને પ્રસંગે તેવી વસ્તુ જાહેર કરો. એકલાં માટીનાં વાસણ બનાવવા સિવાય તમારા માટે બીજું ઘણું સારૂં કામ હોય છે. પત્થરનાં બાવલાં, દેવદેવીઓની મૂર્તિઓ, સુંદર રમકડાં, લાદીઓ વગેરે પણ તમે બનાવી શકો. પત્થરના કરતાં માટીના બાવલા ઉપર રંગ વગેરે સારો ચઢી શકે અને તે સસ્તી કીંમતનાં બને. તમારે તમારા ઉદ્યોગને બાવલા બનાવવા સુધીની હદે ખીલવવો ઘટે. તમારો ધંધો જે સંકુચિત થઈ ગયો છે તેને વિશાળ કરવો જોઇએ. પાટણ, ગદડા વગેરેની કારીગરી માટે તમે નામાંકિત છો. ધંધાને ખીલવવાનો જે ઉત્સાહ તમારામાં મરી ગયો છે તેને તમારે હવે સજીવન કરવો જોઇએ. એ સિવાય તમારી ઉન્નતિ નથી.

આ તો મેં તમને તમારા ધંધાની સ્થિતિ સુધારવાની વાત કહી. હવે સંસારસુધારા વિષે તમને જણાવીશ. બાળલગ્ન, કન્યાવિક્રય જેવા દુષ્ટ રિવાજોને તમારે દેશવટો દેવો જોઇએ. પણ એ રીતરિવાજોમાં ફેરફાર કરવા માટે પ્રથમ કેળવણીની જરૂર છે. કેળવણી વિના તમારૂં મગજ કેળવાશે નહિ. અને જ્યાં સુધી બુદ્ધિ ખીલે નહિ ત્યાં સુધી સાચી ખોટી વસ્તુની પારખ ન થઈ શકે ત્યારે રિવાજોમાં ફેરફાર કરવાનું તો ક્યાંથી સૂઝે ? લખવાવાંચવાની કળાથી જ્ઞાનનો ફેલાવો થાય છે. પણ સાચી ઉન્નતિ પામવા માટે મનુષ્યને ચોમેર દૃષ્ટિની જરૂર છે. આજુબાજુ શું

થઇ રહ્યું છે અને પોતે તે પ્રસંગે શું કરવું જોઇએ તેનો મનુષ્યે વિચાર કરતાં શીખી, યોગ્ય સુધારો અગર ફેરફાર પોતે કરવો જોઇએ. જુનું એટલું સારૂં ને નવું એટલું ખોટું એમ તેણે ન માનવું જોઇએ, પણ બુદ્ધિની કસોટીએ જે વસ્તુ સાચી ઠરે તેને જ તેણે સાચી માનવી.

બીજું **મરણ પાછળ ભોજન કરવું એ તદ્દન ઉલટી રીત છે, તેમજ ધર્મની વિરૂદ્ધ વાત છે.** શોક એક એવી વસ્તુ છે કે તે પ્રસંગે મનુષ્યને મિષ્ટાન્ન મળે તો પણ તે ગળે ન ઉતરે. છતાં લોકો આજે મરણનાં ભોજન, શોકથી જેનું ઘર છવાઇ ગયું છે તેને જ ત્યાં, તેના જ પૈસે ઉડાવ્યે જાય છે એ શું રિવાજે લોકોનાં હૃદય કેટલાં કઠોર બનાવ્યાં છે તે સાબીત નથી કરતું ? **આ રીતનાં જમણ જરાય શાસ્ત્રસંમત નથી, તેમજ વિવેકબુદ્ધિની દૃષ્ટિએ પણ યોગ્ય નથી.** મનુષ્યની પૈસા સંબંધી સ્થિતિ ઉપર કાપ મૂકનારી આ પ્રેતભોજનની પ્રથાને (રિવાજને) સમજુ માણસે પહેલ કરી અટકાવવી જોઇએ.

* * *

કેળવણી આપવા વિષે મેં આપ ભાઇઓને પ્રથમ જણાવ્યું. પણ કેળવણી એ ખર્ચાળ યોજના છે એ તમારે જાણવું જોઇએ. જ્હોળું ફંડ થાય નહિ ત્યાં સુધી કોમની બોર્ડીંગ કાઢવી ઉચિત નથી. જ્ઞાતિના વિદ્યાર્થીઓને સ્કૉલરશીપ આપી તેમને ઉત્તેજન આપવાની પ્રથમ શરૂઆત કરવી અને ધીમે ધીમે એ દિશામાં પ્રયત્ન જારી રાખવો. તમારો મુખ્ય હેતુ–લક્ષ્યબિંદુ સંસારસુધારો હોવો જોઇએ. કેળવણી એ ગૌણ હેતુ છે. એટલે સંસાર-સુધારાનું લક્ષ્ય (નિશાન) તમારે ન ચૂકવું જોઇએ.

જ્ઞાતિના સંમેલનમાં જેમ ઝાઝા માણસો આવવાને આકર્ષાય ને લાભ લે તેવા પ્રયત્ન થવા જોઇએ. સંમેલનના સમાચાર અગાઉ પહોંચાડવા જોઇએ. સંમેલનમાં મંડામણું એટલે પૈસા ઉઘરાવવાનું ન થવું જોઇએ. કારણ કે તેથી સંમેલનમાં આવનાર ભાઇઓના મનમાં એમ થાય કે સંમેલનમાં જઇશું ત્યારે કંઇ ને કંઇ આપવું પડશે. જ્ઞાતિ પ્રત્યે લાગણી ધરાવનાર સજ્જનો ઘેર જઇ ‘સભા’ને સહાય મોકલે.

* * *

સઘળાં કાર્ય કરતાં સામાજિક સુધારાનું (જ્ઞાતિસેવાનું) કાર્ય ઘણું અઘરૂં છે. જે લોકોના કાન આપણી વાત સાંભળવાને તૈયાર નથી, તે લોકોની આગળ આપણે વાત કરવી પડે છે. આપણે તો બ્હેરા કાન ઉપર

અવાજ પહોંચાડવાના હોય છે. નિંદા સહન કરી સમાજસેવકે આગળ વધવાનું હોય છે. આ હીલચાલમાં પડવાથી કેટલીક વખત ઘરમાં પણ મુશ્કેલી ઉભી થાય છે. સારા ક્ષેત્રમાં તો કાર્ય કરવા સૌ ઉભા થાય, પણ ખરાબ કઠણ જમાનને ભેદીને તેમાં જે બીજ વાવે તેજ વીરલાઓ છે.

આવાં કામ એક હાથે થતાં નથી. સૌ ભાઇઓ આ કાર્યમાં ઉત્સાહથી ભાગ લે તો જલદી સુધારો થઇ શકે. દરેક ભાઇએ યથાશક્તિ આ કાર્યમાં વખત આપવાની ભીષ્મ પ્રતિજ્ઞા કરવી જોઇએ. આફ્રિકામાં વસતા તમારા ભાઇઓ આ પ્રવૃત્તિમાં રસપૂર્વક ભાગ લઇ સારી મદદ કરી રહ્યા છે એ જોઇ મને આનંદ થાય છે. સંસ્થાના કાર્યકર્તાઓએ દૃઢતાપૂર્વક કાર્ય કરે જવું જોઇએ ને મનમાં એવું સાત્વિક અભિમાન ને શ્રદ્ધા રાખવાં જોઇએ કે મારામાં મુડદામાં પણ જીવન પૂરવાની તાકાત છે. તમારી જ્ઞાતિના ભાઇઓએ 'સભા'ને પોતાની બાર માસની કમાણીમાંથી કંઇક ભાગની રકમ આપી પોષવી જોઇએ. હંમેશાં પ્રજાનું કામ પ્રજા જ કરી શકે છે. પ્રજા પોતાની ઉન્નતિના કામમાં ધ્યાન ના આપે તો તે આગળ ન વધી શકે. જ્ઞાતિના ગૃહસ્થ માણસો જેઓ આ વાત સમજે છે ને જેમને પોતાની જ્ઞાતિને માટે કંઇ પણ માન છે તેમણે આગળ પડતો ભાગ લેવો જોઇએ. દુનિયા ઝૂકે છે, ઝુકાનેવાલા ચાહીએ. તમે કાર્ય કરી બતાવો એટલે દુનિયા તમને માનની દૃષ્ટિએ જોશે જ. અંતમાં તમારા ભાઇઓના પ્રયાસ જોઇ મને આનંદ થયો છે. એ પ્રમાણે વધુ ઉત્સાહથી કાર્ય કર્યે જશો તો પ્રભુ તમને જરૂર સહાય કરશે. તમે મને જે માન આપ્યું છે તે માટે હું તમારો આભારી છું. તમને મેં જે વાત જણાવી તેમાંથી કંઇક અમલમાં મૂકશો એવી આશા છે.

જમણુ કે ઝેર? યાને કાળો કેર!*

(માથું ઉઘાડું, કામળી ઓઢેલી, એક હાથમાં ફાનસ અને બીજા હાથમાં લાકડી લઈ એંશી વરસની ઉંમરનો નાતનો પટેલ પ્રવેશ કરે છે.)

પટેલ—મોતીલાલ, ઓ મોતીલાલ, અલ્યા સાંભળ્યું કે? મોતા જાગસ?

મોતીલાલ—પધારો. પધારો, દાદાજી પધારો. આટલી મોડી રાતે પણ છોકરાની સંભાળ લેવા આવ્યા. ભારે ઉપકાર થયો.

પટેલ—હા ભાઇ, આજે મોટા વાસમાં બારમાની નાત જમીને આવ્યા પછી, જરા પથારીમાં આળોટ્યો પણ ઉંઘ આવી નહિ. અને વિચારના ગટોળા વળવાથી આવ્યો છું.

મોતીલાલ—ફરમાવો દાદાજી, શો હુકમ છે?

પટેલ—હુકમ તો એ જ તો, તારા પિતાને ગુજરી ગયે આજે દસ દિવસ થઇ ગયા છતાં...મેં સાંભળ્યું છે કે તું નાત કરવાનો નથી. શું તે વાત સાચી છે?

મોતીલાલ—હા દાદાજી, વિચાર તો મોળો છે.

પટેલ—હેં! હેં! આ શું બોલે છે?. તારો બાપ, નાતનો પટેલ. ૮૦ વરસે મુઓ તેને શું લીંબડે લટકાવીશ! પછી ગામ પરગામ નાત જાતમાં મોં શું બતાવીશ તારા બાપદાદા કોણ હતા તે વિચાર, તારી દાદી તથા દાદા પાછળ આઠે તાલુકામાં છુટા ચુરમાની નાત થઈ હતી. શું તે કુળમાં અવતરી તું નામ બોળીશ? પેટે પાટા બાંધી ભણાવી ગણાવી, ને પરણાવ્યા પછી આ બાપનું નામ કાઢ્યું!!!

> જો માનશે તું નહિ હજુ, તો હું જમાડીશ નાતને;
> તારા જ નામે ખર્ચ સઘળો, ટાંકી રાખીશ ચોપડે.
> પંચજાત નહિ જવા દઉં, હું જીવતો છું જ્યાં સુધી;
> પરવા નથી તારી પડી, ઘર એવું કબજે છે હજી.
> કરીને ઉપર ઘી ચુરમું, હોંશે જમાડીશ નાતને;
> ખાલી જશે ના બારમું, નક્કી કહું છું હું તને.

મોતીલાલ—દાદાજી તમારી સઘળી વાત સાચી છે, પણ મારી પાસે એક પાઇ પણ નથી. માસિક રૂ. ૨૦) પગાર મળે છે, અને ઘરમાં ૭

---

* ડાકોર સંમેલન પ્રસંગે વિદ્યાર્થીઓએ ભજવેલો સંવાદ.—**મંત્રી**

જણુ ખાનાર છે. તેમનું પેટ પોષતાં છોકરાંની કેળવણીનો ખર્ચ મુશ્કેલીથી ચાલે છે. મિલ્કતમાં ફક્ત એ ઘર છે.

મારી દશા બહુ રાંક છે, વસ્તારી હું પંચાત છે;
ચુલે તડાકા લે તપેલી, કેમ કરવી નાત એ!
ઉપાય કોઈ ના રહ્યા, તેથી મુંગો બેસી રહ્યાં;
ઘરખર્ચ કેમ ચલાવવું તે ચિંતને મુંઝાઇ ગયો.

દાદાજી, આપની વાત સાચી છે. આબરૂનો ખપ સૌને હોય પણ...

પટેલ—શું પણ? હાય હાય! આ છોકરે નખોદ વાળ્યું! અલ્યા આ શું બોલે છે?

મોતીલાલ—દાદાજી ખરૂં કહું છું. તમે જેને આબરૂ માનો છો તેને હું ઝેરની છરી ગણું છું. એ રૂઢીને પ્રતાપે ઘણાની માઠી દશા થઇ છે. છોકરાંને પહેરવા વસ્ત્ર કે ખાવાને ટુકડો મળતો નથી. એક રાતના વાળુમાં આખી જીંદગીની દુર્દશા મારે જોઇતી નથી. વ્યાજે પૈસા કાઢી કે ઘરબાર વેચી, નાતવરાનાં જમણ કરી 'વાહ વાહ' કહેવરાવવામાં જ જો આબરૂ ગણાતી હોય તો તેમાં ધુળ પડી!

પટેલ—સારાં લુગડાં પહેરી, છાતી કાઢી, નાતમાં જતા, શાક, દાળ માટે તકરાર કરી મિષ્ટાન્ન ઉડાવતા તે જમાડનારને જોર નહિ આવતું હોય? ખાઇને ખવરાવવામાં પાડ શો? જો નહિ સમજે તો નાત કોપશે. નાત એ ગંગાનો પ્રવાહ છે. તેથી અવળા ચાલતાં, કાલે દીકરોદીકરી ક્યાં વરાવશો? આ અવસર જતાં પસ્તાશો. લોકોમાં નિંદા થશે. કોઇ દીકરી દેશે નહિ. અને દીકરા વાંઢા રહી મરી જશે. કદાચ પરદેશથી લાવશો તો મોં માગ્યાં દામ દેવાં પડશે. નાતનું નોતરૂં ટળશે. માટે મારી શિખામણ માને તો સારૂં.

વનમાળી—મોતીલાલ, ગભરાય છે કેમ? તારી મરજી હોય તો આ દાદાને જ આબરૂની ગાંસડી બંધાવી દઉં.

છે લાગણી તમને ઘણી, દાદા અમારા ઘર તણી;
તો લાજ રાખો આ સમે, દાદા અમારી આટલી.

પટેલ—અરે! વનમાળી! શું ગાંડો થયો? બધે માટીના ચુલા છે. રૂપીઆની ખાણ દાટી છે? હું તો હમણાં બહુ જ ખરચમાં આવી ગયો છું, પણ ગામમાં મારી આબરૂ એટલી જામી ગઇ છે કે સોનબાઇ આપતાં રૂપબાઇ મળી જશે. પછી રળતાંખપતાં છોડાવજો. કોઇ ન જાણે એ રીતે જણસો મૂકી આપણે કામ ઉકેલી લેશું ને આપણી ઇજ્જત જળવાશે.

મોતીલાલ—મારા બાપની મિલ્કતમાંથી એક રેખ પણ રહી નથી. માત્ર મારા સસરાના ઘરનું એક કંઠી અને કડું છે. પણ તે પરબારી મિલ્કત હોવાથી તેના ઉપર મારો કાંઇ હક નથી.

પટેલ—એ જણસથી આરમું થાય નહિ. હાલ ઘર વેચવાની વાત કરતાં આબરૂના કાંકરા થાય. વળી મકાનની પીક પણ નથી. માટે હાલ તો ઘરાણે મૂકીએ એ ઠીક છે. પેલી જણસો લાવ.

મોતીલાલ—

પહેલું પ્રિયાનું લૂટતાં, હૈયું રહે ના હાથ રે:
અશ્રુ ભરાએ આંખમાં, ના માગણી મુજથી થશે.
રડવું રહ્યું આ દંપતીને, ના કોઇ કાંઇ વદી શકે;
ધિક્કાર છે! આ જ્ઞાતિને જે રક્તનાં ભોજન જમે!

ઉંચા કુળમાં જન્મી નીચ આહારથી પેટ ભરવું, ઘર ઘરાણે મૂકી વાળ પણ પારકા કરવા. એક ટંકના વાળુમાં આખી જીંદગીનો ભોગ આપવો એ કોઇ રીતે મને ઠીક લાગતું નથી.

"બ્રહ્મા તણા સંતાન શું, હા! આંખથી અંધા બન્યા?
દિન દિન ગરીબી આવતી તમ જ્ઞાતિભોજનથી ભલા.
તારાજ થાતાં કંઇ કુટુંબો, ફૂલતાં દેવાં મહીં;
ચિત્કાર તેનો સાંભળી, તમ કાળજું જાશે દ્રવી.
તમ બાપદાદાનો સમય અને આ સમય સરખાવતાં;
અંતર પડે અધલાખનું, સરવાયું આખર ખેંચતાં.
આવા સમે નિજ પેટનું, પુરૂં પરાણે થાય છે:
(ત્યાં) ઉડાવતા જ્ઞાતિજમણ, ઘરને ગીરો મૂકાય છે!
કદી સેંકડામાં સોળ જણ પૈસેટકે સુખી હશે,
પણ પાછલા ચોરાસી જણની, ઉપલી સ્થિતિ થશે.
દેવું કરેલું નહિ ભરાતાં, આખરે દાવા થશે;
વાહ વાહ વદી જમનાર ત્યાં ના કોઇ મદદે આવતા.
જ્ઞાતિઉન્નતિમાર્ગમાં છે, ઝેર સમ જ્ઞાતિવરા;
એ ઝેરના પરતાપથી, દારિદ્ર ભોગવતા ઘણા.
વિક્રય તજો કન્યા તણો, ને છોડી દો જ્ઞાતિવરા;
સુખસમૃદ્ધિ પથરાઇને, શાંતિ વ્યાપે જ્ઞાતિમાં.
જો હોય પૈસા હાથ તો, હુન્નર વધારો કોમમાં;
નિરૂદ્યમી નવરા ફરે, તેને લગાડો કામમાં.

તેમ જ્ઞાતિના વિદ્યાર્થી, પૈસા વિના પાછા પડે;
મન માનતી આપો મદદ, તો ઉન્નતિ નજરે પડે.
સૌ છે પ્રભુનાં બાળકો, એ જાણી સંપ વધારશો;
લગ્નો અને મરણો તણાં ઉડાઉ ખરચો ટાળશો.

આમ છતાં જ્ઞાતિજમણથી પુણ્ય છે એમ માનવાનું કારણ હોય તો પણ શક્તિ વગર તો થઇ શકે જ નહિ. શાસ્ત્રોમાં પણ આવો પ્રતિબંધ નથી. મરજીઆત રિવાજને ફરજીઆત ન કરવો.

દાદાજી આ કંઠી અને કડું.

પટેલ—ઠીક છે એક ઘર ઘરાણે મૂકવા એ અક્ષર માત્ર તારે લખવા પડશે. તું કાઢક નથી, તેમ હું તારો દુશ્મન નથી. આ તો ઇજ્જત રાખવાનો ઉપાય છે. ચારસોની બાકી કાઢી છે. ટીકીટ ચોઢી સહી કર એટલે બસ.

મનહર—રમણલાલ, મોતીલાલની સ્થિતિ બહુ દયાજનક છે, તેની બેન લક્ષ્મીનો વર રખડેલ અને લંપટ હોવાથી તેને કાઢી મૂકી છે. બીજી બેન વીસ વરસે વિધવા થઇ અપંગ થઇ છે. પેટનું પુરૂં થતું નથી. બાપના બારમાના વ્યાજના પેસા પણ ભરાતા નથી. આ દુઃખનો બળાપો કરી તેની માતુશ્રી સ્વર્ગે સીધાવી. પણ પડયા ઉપર પાટું એ જગતવહેણ-નો નિયમ છે. તેને આઠ દિવસ થતાં લોકોએ નાતની વાત કરવા માંડી અને મોતીલાલનો મામો કહેવા આવ્યો કે મારી બેન ગંગા સમી હતી, અવસ્થાએ મુઇ છે. તેની પાછળ નાતનાં છોકરાં વાળુ ન કરે તો ઇજ્જત ધુળ થાય. આ રીતે મોતીલાલને સંતાપી બાકીનું ઘર ઘરાણે મુકાવી નાત કરાવી છે. હાલ મહીને રૂપીઓ ભાડું ભરી એક ઓરડીમાં રહે છે.

પટેલ—લાવો અમારા રૂપીઆ ના વાયદા કાંઇ ચાલશે;
તું વ્યાજ પણ ભરતો નથી, તો ખાતું કેવું ચાલશે?
અમ રૂપીઆ ભરવા તણી, ન પહોંચ હૈયામાં હતી:
શાને ફૂલણજી થઇ અને નાતો ઉડાડી ફાંકડી?
દાવો કરૂં છું, દામ લાવો, બાપની મિલ્કત નથી;
દાનત બુરી તુજ દીસતી, ના, ના પચે એ પર પુંજી.
આખા વરસમાં એક પૈસો, વ્યાજનો આપ્યો નથી:
તો ચાલવા શું છે, અમારા રૂપિયા બુદ્ધિ ફરી!

મોતીલાલ—બાપજી હાલ છે નહિ. ઇશ્વર અપાવશે એટલે આપીશ. લાચાર છું. કે જ્ઞાતિવરામાં મિલ્કત ઉડાવી દીધી! મારી આ સ્થિતિ આપના

પ્રતાપથી આવી છે. મને ઉંધું ચતું સમજાવી આ હાલતમાં મૂક્યો! છતાં આ ઓરડીમાં પણ સુખે પડી રહેવા દેતા નથી તેથી ધિક્કાર છે તમારા જેવા દુષ્ટને! જો આબરૂ જતી હોય તો ભલે જાય. હવે તેનો ખપ નથી.

રમણલાલ—મનહર, વાત કરતાંયે કાળજું ફાટી જાય છે. આંખે અંધારાં આવે છે.

મનહર—પણ એવું શું છે. વાત તો કર.

રમણલાલ—પેલો આબરૂદારનો દીકરો જપ્તી કરી મોતીલાલનું ઘર લુંટી ચાલતો થયો. બિચારૂં લાચાર કુંટુંબ હાલ એક કણબી જ્ઞાતિની વૃદ્ધ માતાના આશરે છે. તે તેમને શાંત કરે છે. હાય! રૂઢી! તારૂં સત્યાનાશ જજો!

મનહર—આપણી જ્ઞાતિમાં ઘણે ઠેકાણે આમ બને છે. એક તો કેળવણી ઓછી, વ્યસનો વધારે, કમાણી ઓછી અને કરકસરથી કાંઇ બચાવે તો આવા પ્રસંગોથી જીંદગી તારાજ થાય છે!

રમણલાલ—ભાઇ મનહર! મોતીલાલ આ સ્થિતિ જોઇ આંધળો બન્યો. ચિંતામાં માંદો પડ્યો. સ્ત્રીએ સેવાધર્મ બજાવી ચાકરી કરી, પણ આખર બાજી ધુળ થઇ!

હરિભાઇ (દોડતો દોડતો આવે છે)— ગજબ! ગજબ! બાપલા ગજબ!

રમણ—હરિભાઇ શાંત થા. વાત કર, શું છે?

હરિભાઇ—શું મારી મોકાણ કહું! મોતીલાલના શબને અગ્નિદાહ દેતાં તેની સ્ત્રીએ કંગાલ, નિરાધાર સ્થિતિ અને પતિવિયોગના દુઃખે ચિતામાં પડી દેહ તજ્યો! હાય હાય! ઓ પરમાત્મા! ઓ દયાળુ પિતા! અમારાં કુટુંબોને આવો કાળો કેર વર્તાવનાર દુષ્ટ રૂઢિઓના પંજામાંથી મુક્ત થવા સદ્દબુદ્ધિની તું પ્રેરણા કર.

સર્વ સાથે—

વાહ! વાહ! સતી શિરોમણી, છે ધન્ય તુજ પતિભક્તિને;
પતિદેવના વિયોગથી રાખી શકી ના દેહને!
આ પ્રેમી યુગલ દંપતી, આહુતિ રૂઢિનાં થયાં;
બહુ ત્રાસ છૂટે છે હૃદયમાં, અશ્રુ આંખે આવતાં.
હૈયું રહે ના હાથમાં, આગળ ન જીવ્હા ચાલતી;
પત્થર સમાં હૈયાં જશે, પીગળી કથા આ સાંભળી.
જ્ઞાતિબંધુઓ! હૃદય તમ પીગળે જો આ થકી,
એ અશ્રુ સારી, હામ ભીડી તોડજો રૂઢિ રાક્ષસી.

વિરમગામ] **કરસનદાસ પીતાંબરદાસ મોરવાડીઆ**

ઉપકાર ગીત

(રાગ-ભૈરવી ઘુમાળી ચાલ)

ઉપકાર થયો અતિ આજે, અમને કદી નવ વીસરજો. (ધ્રુવ)
તિમિર ગયું ને ઉષા જણાયે, ભ્રાંતિ બધી પરહરજો,
ભારતીમાતાને મંદિરીએ, સદાય દર્શન કરજો.—અમને૦ ૧
ઉપમાના પોપણ નવ આવે, સંતાપો નવ જાયે,
શાંકડી તોયે માતને ખોળે, અમૃતવૃષ્ટિ થાયે.—અમને૦ ૨
સુંદર વનનાં ફૂલ રસવંતા, ખરી ભૂમિ પર પડતાં,
પ્રભુપૂજાના વિરલ પ્રસંગે, પાવન હસ્તે ચઢતાં.—અમને૦ ૩
જંજાળી જીવનમાં જનની, ધન્ય ઘડી કોઇ જાયે,
રસીયાં હૃદયો ભેગાં મળતાં, ઉર આનંદે છવાયે.—અમને૦ ૪
હર્ષશોકનાં બે ચક્રોથી, જીવનનો રથ ચાલે,
ઉપકૃતિ ભરીયા પાવન પંથે, કોઇક જીવો મ્હાલે.—અમને૦ ૫
જીવનક્લેશના વિધવિધ માર્ગે, માનવ સહુ અટવાયે,
કોઇક પનોતી પળ આવે તો, સુજન સંમેલન થાયે.—અમને૦ ૬
વિશ્વવાટિકાનાં વૃક્ષો પર, બહુવિધ પંખીઓ આવે,
પેટ ભરે કોઇ, ગાન કરે કોઇ, ભેગા મળે કોઇ ભાવે.—અમને૦ ૭
વિશ્વ સરસ છે કે નીરસ છે, કાંઇ નહીં સમજાયે,
રસિકડાંઓ ભેગાં મળે ત્યારે, આનંદ આનંદ થાય.—અમને૦ ૮
સેવા હમારી મનમાં ધરજો, સદાય સહાય જ કરજો,
જગદીશ્વરની કરૂણાથી ફરી, મંગળ કાર્યે મળજો.—અમને૦ ૯

વે૦ શા૦ સં૦ શાસ્ત્રી મોતીરામ કલ્યાણજી દીક્ષિત
મુખ્ય અધ્યાપક—શ્રી મંમાદેવી સંસ્કૃત પાઠશાળા, મુંબઇ

પ્રદર્શન પરીક્ષક સમિતિ : બીજા કલાપ્રદર્શનના નમૂનાઓની પરીક્ષા કરનાર સમિતિ નીચેના સભ્યોની હતી ૧. ભીખાભાઇ ઉ માસ્તર ૨. માવજીભાઈ સાજન નારીગરા ૩. કરસનદાસ નારણદાસ મિસ્ત્રી ૪. ડાહ્યાભાઇ કલ્યાણજી.

જાગો !

(હરિગીત વા કવ્વાલીમાં ગવાશે)

ભૂલો ન ભાઇ ધ્યાન દો. હજીયે સમય વહી ના ગયો:
રહેવું હવે કે ક્યાં સુધી ? જ્યાં કષ્ટનો ઢગલો સહ્યો ! —ભૂલો૦

જોતાં અરે ! આંસુ ઢળે. કંગાલ હાલત આપણી:
શાંતિ સજી બેસી રહ્યા. વધુ શું થવી બાકી રહી ? —ભૂલો૦

જ્ઞાતિબંધુઓ ! જુઓ. થઇ શું રહ્યું સંસારમાં:
જ્યાં ત્યાં જુઓ સૌ છે મચ્યા. નિજ જ્ઞાતિના ઉદ્ધારમાં ! —ભૂલો૦

જ્ઞાતિ બિચારી બાપડી. થઇ આ રહી સૌ લોકમાં:
લજ્જાથી શું ઉંચું જુએ, નિજ તન પડ્યા જ્યાં ઝોકમાં ! —ભૂલો૦

કહુ વેણ ગમતી તે સહે, અજ્ઞાનના અંધકારમાં
નહિ દો તમે તો કોણ દેશે ? ધ્યાન તે ઉદ્ધારમાં ! —ભૂલો૦

મન માનતી ઉંઘો લીધી, આળસ હવે ત્યાગો સઉ:
બસ જ્ઞાતિનું હિત સાધવા, નિજ કમરને બાંધો સઉ. —ભૂલો૦

જે તે રહ્યા કહી કંઇ અરે ! નિર્માલ્ય એ તો શું કરે ?
કરો કાંઇ એવું કાર્ય કે સૌ લોકની દ્રષ્ટિ ઠરે. —ભૂલો૦

બસ એ જ આપણું કામ છે, આ જીવનની એ લ્હાણ છે:
સહુ સજ્જ થઇ જાઓ હવે, બસ આપવો પણ પ્રાણ છે. —ભૂલો૦

'કમલજ'

તમે શું કરી શકો?

જ્ઞાતિની દુર્દશા નીહાળી ઘણીયે વાર સાચા દિલના ઉદ્દગાર આપણા મ્હોંમાંથી નીકળી પડે છે કે 'હાય! મારાથી શું થઈ શકે? હું એકલો શું કરી શકું?' જ્ઞાતિનું હિત હૈડે ધરનાર બંધુ! તમો સર્વ કંઈ કરી શકો તેમ છો. તમો એકલા નથી, તમારા જેવા અનેક છે. એ અનેકોને એકસૂત્રમાં ગૂંથવા આપણી કોમમાં **'ગુજરાત પ્રાંતિક પ્રજાપતિ સભા'** ક્યારની સ્થપાઈ ચૂકી છે. તે દ્વારા કોમના કલ્યાણના પ્રયાસો થઈ રહ્યા છે. તેમાં તમારો ફાળો નીચેનામાંનું કંઈ પણ કરી તમે આપી શકો છો.

૧. 'સભા'ના સભાસદ થાઓ અને કોમમાં સ્થપાતા સંગઠનને વધારો. ઓછામાં ઓછું વાર્ષિક લવાજમ માત્ર આઠ આના.

૨. સારા નરસા પ્રસંગે અને કંઈ પણ દાન કરતી વખતે 'સભા'ના નીચેનાં કાર્યોને યાદ કરી યથાશક્તિ મદદ કરો.

(अ) **વિદ્યાફંડ**— જેમાંથી જ્ઞાતિના ભણતા વિદ્યાર્થીઓને જરૂરી સહાય કરવામાં આવે છે.

(ब) **વિદ્યાર્થીભવન** ફંડ— જેમાંથી આગળ ઉપર કોમનાં બાળકોને માટે 'વિદ્યાર્થીભવન' સ્થાપવામાં આવનાર છે.

(क) **વેઠ નિવારણ ફંડ**— વેઠના જુલમો દૂર કરવા માટે પ્રયાસ આરંભાયો છે. તેમાં પૈસાની ખૂબ જ જરૂર છે.

(ड) **'પ્રજાપતિ' સ્થાયી ફંડ**—'પ્રજાપતિ' દ્વૈમાસિકની ખોટ જેમાંથી પૂરવામાં આવે છે.

૩. પ્રજાપતિ દ્વૈમાસિકના ગ્રાહક ન હો તો આજે જ થઈ તેને પગભર કરો. તે જ્ઞાતિમાં જ્ઞાનપ્રચાર કરી રહ્યું છે અને કોમમાં ઉન્નતિની હીલચાલ ચલાવી રહ્યું છે. વાર્ષિક લવાજમ ફક્ત રૂ. ૨.

લાગણી હોય તો આટલું તો તમો ઘેર બેઠાં કરી શકો છો. તમે શું કરી શકો? બંધુ! તમે ધારો તે કરી શકો છો. આજે જ અમલ કરો. લખો:

કાર્યાલય,
પાંચકુવા, **અમદાવાદ**

જીવન ગ. પ્રજાપતિ
મંત્રી: ગુજરાત પ્રાંતિક પ્રજાપતિ સભા

મુદ્રકઃ ગુલઝારીલાલ નંદા; મજૂર મુદ્રણાલય, ઘીકાંટા રોડ—અમદાવાદ